**AED**

**PROVISIONAL ANSWER KEY**

| | |
|---|---|
| **Name Of The Post** | **Administrative Officer, Directorate of Ayurveda, Yoga and Naturopathy, Unani, Siddha and Homoeopathy (AYUSH), Class-1** |
| **Advertisement No** | **21/2018-19** |
| **Preliminary Test Held On** | **22-07-2018** |
| **Que. No.** | **001-300(G.S. & Concerned Subject)** |
| **Publish Date** | **23-07-2018** |
| **Last Date To Send Suggestion (S)** | **31-07 -2018** |

# Note:-

**(1) All Suggestions are to be sent with reference to website published Question paper with Provisional Answer Key Only.**

**(2) All Suggestions are to be sent in the given format only.**

**(3) Candidate must ensure the above compliance.**

(૧) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો ઉપયોગ કરવો.

(૨) ઉમેદવારોએ પોતાને પરીક્ષામાં મળેલ સીરીઝની પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્ન ક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા

(3) ઉમેદવારોએ ઉક્ત સૂચનાનું અચૂક પાલન કરવું અન્યથા વાંધા-સૂચનો અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહી.

001. નીચેના પૈકી કોણ સંસ્કૃત કૃતિ "માનસોલ્લાસ"ના રચયિતા છે ?

(A) સોમેશ્વર તૃતીય
(B) વિજયસેન
(C) બિલહાના
(D) ચંદ્ર

002. પ્રબંધ ચિન્તામણીના રચયિતા .......... છે.

(A) દલપતરામ
(B) નર્મદ
(C) મેરુતુન્ગાચાર્ય
(D) સોમેશ્વર

003. ડોશીની વાતો, સોરઠી સંતો, પુરાતન જ્યોત .......... દ્વારા લિખિત કૃતિઓ છે.

(A) ઝવેરચંદ મેઘાણી
(B) કાંતિલાલ ગીરધારીલાલ
(C) વાલા મનચ્છા ભાયા
(D) હમિદઉલ શાહ

004. તાંગલિયા હાથવણાટ જે દાણા હાથવણાટ તરીકે પણ ઓળખાય છે, ડાંગસિયા જાતિ દ્વારા બનાવવામાં આવે છે, જે ગુજરાતના .......... જિલ્લામાં વસે છે.

(A) અરાવલ્લી
(B) સુરેન્દ્રનગર
(C) બનાસકાંઠા
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

005. થાંકા ચિત્રકલા મોટે ભાગે .......... તરીકે જાણીતી છે.

(A) બૌદ્ધ ચિત્રકલા
(B) પ્રાકૃત ચિત્રકલા
(C) ફારસી ચિત્રકલા
(D) જૈન ચિત્રકલા

006. અકબરના શાસન દરમ્યાન ગુજરાત સુબા 9 સરકારમાં વિભાજીત હતા, નીચેના પૈકી કયુ સ્થળ સરકાર ન હતું ?

(A) પાટણ
(B) નાંદોદ
(C) બરોડા
(D) કચ્છ

007. નીચેના પૈકી કયા ભારતીય શાસક "રોયલ કૉલેજ ઑફ ફિઝિશન એડિનબર્ગ" અધ્યેતા હતા ?

(A) સગ્રામજી - દ્વિતિય
(B) ભગવતસિંહજી
(C) કિર્તીસિંહજી
(D) અજીતસિંહજી

008. ગુજરાતમાં .......... પ્રથમ હરપ્પન સ્થળનું ઉત્ખનન થયેલું.

(A) વલ્લભીપુર
(B) લોથલ
(C) રંગપુર
(D) કુંતાસી

009. બેઈલી વિસ્તારને .......... ની સાઈટ તરીકે ઓળખવામાં આવેલું છે.

(A) ખીરાસરા
(B) કાનમેર
(C) ધોળાવીરા
(D) પાબુમઠ

010. હરપ્પન સાઈટ બે સંસ્કૃતિક તબક્કાઓ દર્શાવે છે. હરપ્પન અને પૂર્વ હરપ્પન તે .......... છે.

(A) લોથલ
(B) મોહેં-જો-દડો
(C) ચનહુદડો
(D) બનાવલી

011. ભારતની સિંહાકૃતિ નીચે ઉત્કીર્ણ, ભારતનું રાષ્ટ્રીય સૂત્ર 'સત્યમેવ જયતે' .......... માંથી લેવામાં આવ્યું છે.

(A) કઠ ઉપનિષદ
(B) મુંડક ઉપનિષદ
(C) છાન્દોગ્ય ઉપનિષદ
(D) ઐતરેય ઉપનિષદ

012. કાપડ છાપકામ, "બાંધવાની અને રંગવાની" કલા બાંધણી .......... ની પ્રસિદ્ધ કલા છે.

(A) પંજાબ
(B) ઉત્તર પ્રદેશ
(C) બિહાર
(D) રાજસ્થાન

013. 1857 ના બળવાના અગ્રણી નેતા કુંવર સિંહ નીચેના પૈકી કયા રાજ્યના હતા ?

(A) બિહાર
(B) મધ્ય પ્રદેશ
(C) રાજસ્થાન
(D) ઉત્તર પ્રદેશ

014. નીચેના પૈકી કયા અધિનિયમે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વેપારનો ઈજારો ભારતમાંથી નાબૂદ કર્યો ?

(A) રેગ્યુલેટીંગ એક્ટ, 1773
(B) પિટ્સ ઈન્ડિયા એક્ટ, 1784
(C) ચાર્ટર એક્ટ, 1813
(D) ચાર્ટર એક્ટ, 1853

015. નીચેના પૈકી કોણે રાષ્ટ્રીય કોંગ્રેસના સુરત સત્રમાં અધ્યક્ષ પદ સંભાળ્યું હતું ?

(A) ગોપાલ કૃષ્ણ ગોખલે
(B) રાસબિહારી ઘોષ
(C) સરદાર વલ્લભભાઈ પટેલ
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

016. નીચેના પૈકી કોણે પશ્ચિમ ભારતમાં ગિરનાર પાસેની નદી ઉપર બંધ બાંધ્યો ?

(A) રાધા ગુપ્ત
(B) વિષ્ણુ ગુપ્ત
(C) ઉપાગુપ્ત
(D) પુષ્યગુપ્ત

017. કયા ફારસીને સૌરાષ્ટ્રનો વહીવટ કરવા માટે સમ્રાટ અશોક દ્વારા નિયુક્ત કરવામાં આવ્યા હતા ?

(A) તુસાપા
(B) જસ્ટિન
(C) પ્લુટાર્ક
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

018. નીચેના પૈકી કયા ગુપ્તા શાસકે ઈતિહાસમાં બીજી વખત મૌર્ય યુગના સુદર્શન સરોવરનું સમારકામ કરાવ્યું હતું ?

(A) સમુદ્રગુપ્ત
(B) સ્કંદગુપ્ત
(C) ચન્દ્રગુપ્ત પ્રથમ
(D) ચન્દ્રગુપ્ત દ્વિતિય

019. ઈલોરા ગુફાઓ અને શૈલકર્તિત મંદિરો .......... સ્થાપત્ય છે.

(A) બૌદ્ધ
(B) બૌદ્ધ અને જૈન
(C) હિંદુ અને જૈન
(D) હિંદુ, બૌદ્ધ અને જૈન

020. નીચેના પૈકી કોણ મૌર્ય દરબારના યૂનાની રાજદૂત નહીં હતા ?

(A) મેગાસ્થનીઝ
(B) ડીયોડોરસ
(C) ડીઈમાચસ
(D) ડાઈયનિસિયસ

021. નીચેના પૈકી કયા રાષ્ટ્રકૂટ શાસકે સિંધના આરબોનું આક્રમણ ગુજરાતમાં અટકાવ્યું હતું ?

(A) ગોવિંદ દ્વિતિય
(B) કર્ક
(C) ધ્રુવ
(D) કૃષ્ણ દ્વિતિય

022. કયા ટર્કીના ઈજનેરે બાહદુર શાહ ઝફરને ચિત્તોડનો ગઢ ઉડાવવામાં મદદ કરી હતી ?

(A) હિંડાલ
(B) ખુસરો ખાન
(C) રુમી ખાન
(D) આમીર ખાન

023. ગાંધીજી દ્વારા સ્થાપિત સત્યાગ્રહ સભા, નીચેના પૈકી કોની સાથે સંબંધિત છે ?

(A) ખેડા સત્યાગ્રહ
(B) રૉલેટ સત્યાગ્રહ
(C) અસહકાર ચળવળ
(D) બારડોલી સત્યાગ્રહ

024. 1932 માં મહાત્મા ગાંધીજીએ ઉપવાસ કર્યા હતા કારણ કે ..........

(A) રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ ભારતીય રાજકીય મહત્વકાંક્ષાઓ સંતોષવામાં નિષ્ફળ ગઈ હતી.

(B) કોંગ્રેસ અને મુસ્લિમ લીગમાં અલગ મત હતા.

(C) રામસે મેકડોનાલ્ડે સાંપ્રદાયિક ઍવોર્ડની જાહેરાત કરી હતી.

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

025. બાળકોને બચાવો સંદર્ભે, "બાળપણ સમાપ્તિ સૂચકાંક 2018" (End of Childhood Index 2018) માં ભારતનો ક્રમ .......... છે.

(A) 109 (B) 111

(C) 113 (D) 136

026. .......... વચ્ચે પાણીના વિવાદને ઉકેલવા માટે કેન્દ્ર સરકારે કાવેરી જળ વ્યવસ્થાપન સત્તાવાહીની રચના કરી છે.

(A) તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, કેરળ (B) તમિલનાડુ, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ

(C) તમિલનાડુ, કર્ણાટક, તેલંગાણા, મધ્યપ્રદેશ (D) તમિલનાડુ, કર્ણાટક, કેરળ, પોંડિચેરી

027. ભારત સરકાર SBI વિલયન બાદ હવે બીજી ચાર મોટી બેંકોનું એકીકરણનું આયોજન કરી રહી છે, નીચેના પૈકી કઈ બેંક ચાર બેંકોની યાદીમાં સમાવિષ્ટ નથી ?

(A) સેન્ટ્રલ બેંક (B) બેંક ઑફ બરોડા

(C) આઈ.ડી.બી.આઈ. બેંક (IDBI) (D) પંજાબ નેશનલ બેંક

028. નીચેના પૈકી કયા દેશે તેના પ્રથમ તેલ શોધનાગારના બાંધકામની શરૂઆત ભારતના સહયોગથી કરી છે ?

(A) ભૂતાન (B) મોરિશિયસ

(C) મંગોલિયા (D) શ્રીલંકા

029. 2013 થી આજદિન સુધી ભારત દેશમાં માતૃ મૃત્યુ દર .......... % નોંધાયો છે.

(A) 15 (B) 20

(C) 22 (D) 25

030. ભારતીય રેલ્વેએ 'રેલ મદદ' એપની શરૂઆત .......... ના હેતુથી કરી છે.

(A) યાત્રા દરમ્યાનની ફરીયાદોની નોંધણી (B) યાત્રા દરમ્યાન ભોજનની વ્યવસ્થા

(C) પ્રતિક્ષા યાદીના મુસાફરોને બેઠકો પૂરી પાડવા (D) ખાસ ડબ્બા / સુખાસન અને માલગાડી નોંધાવવા

031. .......... દેશના ગાઝાપ્રોમથી ભારતની GAIL એ સૌ પ્રથમ LNG આયાત કરી છે.

(A) ઈરાન (B) રશિયા

(C) નાઈજીરીયા (D) યુ.એ.ઈ.

032. સ્ટોકહૉમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI) મુજબ નીચેના પૈકી કયા દેશ પાસે સૌથી વધુ સ્ફોટક શીર્ષ શસ્ત્રો છે ?

(A) યુ.એસ.એ. (B) રશિયા

(C) યુ.એસ.એ. અને રશિયા પાસે સરખુ પ્રમાણ (D) ચીન

033. ભારત સાથે નૌકાદળ વિકસાવવા માટેની એક સંયુક્ત યોજનાનો નીચેના પૈકી કયા દેશની સંસદે અસ્વીકાર કર્યો છે ?

(A) મોરિશિયસ (B) ઝામ્બિયા

(C) માલદીવ્સ (D) સેશેલ્સ

034. વિશ્વ યોગ દિવસે ભારતના કયા શહેરે સૌથી મોટુ યોગ સત્ર યોજી ગિનિસ વિશ્વ વિક્રમ સ્થાપ્યો છે ?

(A) કોટા
(B) અમદાવાદ
(C) ચંદીગઢ
(D) કટક

035. યુ.એસ., ભારત અને જાપાનની સંયુક્ત નૌકા તાલીમ 'મલાબાર' .......... માં યોજાઈ હતી.

(A) કોચી, ભારત
(B) ઓસાકા, જાપાન
(C) ગુઆમ, યુ.એસ.એ.
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

036. ગૃહ મંત્રાલય અને UNDP ના સહયોગથી તૈયાર થયેલ રાષ્ટ્રીય આપત્તિ સંકટાંક મુજબ નીચેના પૈકી કયા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સૌથી વધુ સંવેદનશીલ છે ?

(A) લક્ષદ્વીપ અને ઓડિશા
(B) અંદામન નિકોબાર અને રાજસ્થાન
(C) દિલ્હી અને મહારાષ્ટ્ર
(D) પોંડિચેરી અને તેલંગાણા

037. ભારત સરકારની ફેમ-II યોજના .......... સાથે સંબંધિત છે.

(A) હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક વાહન
(B) એર ઈન્ડિયા
(C) શૌચાલય બાંધકામ
(D) ડિજિટલાઈઝેશન

038. સૂચિ-I અને સૂચિ-II સાથે યોગ્ય રીતે જોડો.

| સૂચિ-I | સૂચિ-II |
|---|---|
| 1. તેહરી બંધ | a. ભગીરથી |
| 2. લખવાડ બંધ | b. પેરિયાર |
| 3. ઈડુકડી બંધ | c. યમુના |
| 4. અલમટ્ટી બંધ | d. કૃષ્ણા |

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - a, 2 - c, 3 - b, 4 - d
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - c, 4 - b

039. સૂચિ-I અને સૂચિ-II સાથે યોગ્ય રીતે જોડો.

| સૂચિ-I | સૂચિ-II |
|---|---|
| 1. માહી | a. ગીરના જંગલો |
| 2. તાપતી | b. જસદણ |
| 3. ભાદર | c. સાતપુડા પર્વતમાળા |
| 4. શેત્રુંજી | d. વિંધ્યા પર્વતમાળા |

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

040. ગુજરાતની આદિવાસી જનસંખ્યા સંદર્ભે નીચેનું પૈકી કયું વિધાન સાચુ નથી ?

(A) ગુજરાતના કુલ 14 જિલ્લાઓને આદિવાસી જિલ્લા તરીકે તારવવામાં આવ્યા છે.
(B) આદિવાસીઓમાં 37% સાક્ષરતા દર છે.
(C) કુલ 25 વિવિધ પ્રકારના આદિવાસી જનસમૂહ ગુજરાતમાં વસે છે.
(D) કુલ 5 આદિવાસી જનસમૂહની આદિમ જાતિ તરીકે ઓળખ થઈ છે.

041. ગુજરાતના નીચેના પૈકી કયા જિલ્લામાં ઉષ્ણકટિબંધીય ભેજવાળા પાનખર જંગલ આવેલા છે ?

(A) સુરત, વલસાડ અને ડાંગ
(B) સાબરકાંઠા, બનાસકાંઠા અને મહેસાણા
(C) રાજકોટ, જામનગર અને ભાવનગર
(D) અરાવલ્લી, દાહોદ અને વડોદરા

042. ભારતના ચોમાસા સંદર્ભે નીચેના વિધાનો જુઓ.

1. દક્ષિણ પશ્ચિમ ચોમાસુ સૌપ્રથમ દરિયા કિનારાના રાજ્ય કેરળના પશ્ચિમ ઘાટ ઉપર વર્ષે છે.
2. ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના સમયગાળાને ઉત્તર પૂર્વ ચોમાસા તરીકે ઓળખવામાં આવે છે.

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું
(B) માત્ર 2 સાચું
(C) 1 અને 2 સાચાં
(D) 1 અને 2 ખોટાં

043. નીચેનામાંથી કયાં પરિબળ માટીના બંધારણને અસર કરે છે ?

1. વાતાવરણ 2. વનસ્પતિ 3. હવામાન 4. અભિભાવક સામગ્રી

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) 1 અને 2
(B) 2 અને 4
(C) 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

044. પૃથ્વીની ભૂપટલમાં સૌથી સામાન્ય તત્ત્વ કયું છે ?

(A) લોહ
(B) ઍલ્યુમિનિયમ
(C) કેલ્શિયમ
(D) સોડિયમ

045. કપાસના ઉત્પાદન માટે નીચેની પૈકી ગુજરાતની કઈ / કયા ભૌગોલીક અને આબોહવાના પરિબળો સૌથી વધુ અનુકૂળ છે ?

1. 21° C થી 30° C વચ્ચેનું તાપમાન
2. 50 - 75 સે.મી. વરસાદ
3. સાંદ્ર કાળી માટી

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1
(B) 2 અને 3
(C) 1 અને 3
(D) 1, 2 અને 3

046. નીચેની કઈ જોડી ખોટી રીતે જોડાયેલી છે ?

(A) ઉત્કલ દરિયા કિનારો - કૃષ્ણ થી કાવેરી નદીના થોડા ઉત્તરથી વિસ્તરે છે.
(B) કાઠિયાવાડ દરિયા કિનારો - કચ્છના રણથી દક્ષિણમાં દમણ સુધી વિસ્તરે છે.
(C) કોંકણ દરિયા કિનારો - ઉત્તરમાં દમણ અને દક્ષિણમાં ગોવા વચ્ચે છે.
(D) માલાબાર દરિયા કિનારો - ઉત્તરમાં ગોવા અને દક્ષિણમાં કન્યાકુમારી વચ્ચે છે.

047. સમોચ્ચ પાળા બંધી, માટી સંરક્ષણની પદ્ધતિ .......... માં વપરાય છે.

(A) સખત પવન માટે જવાબદાર રણ સીમાંત
(B) પૂર માટે જવાબદાર, પૃથગ્જન સપાટ સમથળ વહેણ
(C) ક્ષયભૂમિમાં ઘાસ ઉગાડવા
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

048. નીચેની કઈ જોડી સાચી રીતે જોડાયેલ છે ?

(A) બોકસાઈટ - ઓડિશા
(B) મીકા / અબરક - ઝારખંડ
(C) યુરેનિયમ - મેઘાલય
(D) ઉપરોક્ત બધાં જ

049. ભારતની જનગણના 2011 સંદર્ભે નીચેના વિધાનો જુઓ.

1. છેલ્લી જનગણનાની તુલનામાં બાળ લિંગ ગુણોત્તરમાં ઘટાડો થયો છે.

2. છેલ્લી જનગણનાની તુલનાએ સમગ્ર લિંગ ગુણોત્તરમાં સુધારો થયો છે.

3. લિંગ સાક્ષરતા તફાવત 15% કરતા ઓછો છે.

નીચેના સંકેતોમાંથી યોગ્ય જવાબ પસંદ કરો.

(A) 1 અને 3
(B) 1 અને 2
(C) 2 અને 3
(D) 1, 2 અને 3

050. બદલા, ઊંધા બદલા આ શબ્દો ......... સાથે સંબંધિત છે.

(A) આયાત અને નિકાસ
(B) નાણાની અવૈધ હેરાફેરી
(C) શેરબજાર
(D) આવક વેરો

051. નીચે કઈ યોજના રાજ્યોની અર્થતંત્રમાં ભૂમિકાનું સૌ પ્રથમ વખત પુનઃ નિર્ધારણ કરે છે ?

(A) છઠ્ઠી પંચવર્ષીય યોજના
(B) આઠમી પંચવર્ષીય યોજના
(C) નવમી પંચવર્ષીય યોજના
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

052. નીચેનું પૈકી કયુ અનામત નાણામાં સમાવિષ્ટ નથી ?

(A) ચલણમાં નાણા
(B) RBI માં બેંકોની થાપણ
(C) બેંકો પાસે માંગ જમા
(D) RBI પાસે સરકારી થાપણ

053. ભારતમાં બેંકો દ્વારા પ્રાથમિક ક્ષેત્રના ધિરાણ કોને અપાય છે ?

1. કૃષિ 2. સુક્ષ્મ અને નાના ઉદ્યોગ 3. નબળા ક્ષેત્ર 4. લોખંડ અને સ્ટીલ ઉદ્યોગ

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) 1, 2 અને 3
(B) 1 અને 2
(C) 1 અને 3
(D) 2 અને 4

054. ભારતમાં હેડલાઈન ફુગાવો ......... ની ચઢ-ઉતરથી માપવામાં આવે છે.

(A) થોક મૂલ્ય સૂચકાંક
(B) ઉપભોક્તા મૂલ્ય સૂચકાંક
(C) કૃષિ શ્રમીક માટે જીવન ધોરણ સૂચકાંક
(D) નાણાં પુરવઠો

055. આઠ મુખ્ય ઉદ્યોગોને ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ ગણવામાં આવે છે. નીચેના પૈકી કયો ઉદ્યોગ એમાં સમાવિષ્ટ નથી ?

(A) વીજળી ઉત્પાદન
(B) સ્ટીલ ઉત્પાદન
(C) કુદરતી ગેસ ઉત્પાદન
(D) કાપડ ઉત્પાદન

056. નીચેના પૈકી કયુ / કયાં ભારતમાં સેવા ક્ષેત્રના ભાગ છે ?

1. પરિવહન 2. બાંધકામ 3. હોટેલ અને રેસ્ટોરન્ટ 4. વીમા

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) 3 અને 4
(B) 1, 3 અને 4
(C) માત્ર 3
(D) 1, 2, 3 અને 4

057. જાહેર વિતરણ નિર્વાહ અર્થે સરકાર જે ભાવે અનાજની ખરીદી કરે છે અને પ્રતિરોધક જથ્થો જાળવે છે તેને ......... કહેવાય છે.

(A) લઘુત્તમ સમર્થન ભાવ
(B) મુદ્દલ ભાવ
(C) ઉપલબ્ધિ ભાવ
(D) ટોચના ભાવ

058. ભારતમાં કંપનીઓનું એકીકરણ અને સંપાદનનું નિયમન .......... દ્વારા થાય છે.

(A) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા

(B) SEBI

(C) ભારતીય પ્રતિસ્પર્ધા આયોગ

(D) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય

059. રાષ્ટ્રીય જનસંખ્યા નીતિ સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) તબીબી સંસ્થાઓમાં 80% પ્રસૂતિ પ્રશિક્ષિત સ્ટાફ દ્વારા કરાવવામાં આવે છે.

(B) આ નીતિ 2005 માં અપનાવવામાં આવી હતી.

(C) કન્યાઓની લગ્નની ઉંમર વધારીને 20 કરવામાં આવી.

(D) નીતિ દ્વારા લક્ષ્ય નિશ્ચિત થયું કે IMR ઘટાડી 1000 દીઠ 30 થી ઓછો કરવો.

060. નીચેના પૈકી કયું પરિબળ ભારતીય કૃષિમાં ભાડા નિયમનની શરૂઆતની આડે આવતું નથી ?

(A) ભાડુ ઘટાડવા માટે ભાડૂત દ્વારા માંગ

(B) ભાડૂતને સુરક્ષાનો અભાવ

(C) ભાડૂતો અને જમીન માલિકો વચ્ચે મૌખિક કરાર

(D) જમીનદારનો ઉચ્ચ સામાજીક અને આર્થિક દરજ્જો

061. નીચેની કઈ જોડી સાચી રીતે જોડાયેલી નથી ?

| ઉદ્યોગનો પ્રકાર | | પ્લાન્ટ અને મશીનરીમાં રોકાણ |
|---|---|---|
| (A) માઈક્રો / સુક્ષ્મ ઉદ્યોગનું ઉત્પાદનમાં | - | રૂપિયા 25 લાખથી વધારે રોકાણ નથી હોતું |
| (B) નાના લઘુ ઉદ્યોગના ઉત્પાદનમાં | - | રૂપિયા 25 લાખથી વધુ પણ 5 કરોડથી ઓછું રોકાણ |
| (C) સેવા સૂક્ષ્મ ઉદ્યોગના ઉત્પાદનમાં | - | રૂપિયા 15 લાખથી વધુ રોકાણ નથી હોતું |
| (D) સેવા મધ્યમ ઉદ્યોગના ઉત્પાદનમાં | - | રૂપિયા 2 કરોડ થી વધુ પણ 5 કરોડથી વધુ રોકાણ નથી હોતું |

062. બ્લોક સ્તરે પંચાયત સમિતિએ .......... છે.

(A) એક સલાહકાર મંડળ

(B) એક વહીવટી સત્તા

(C) એક પરામર્શી સમિતિ

(D) એક અવેક્ષક સત્તા

063. ભારતીય સંવિધાનના આમુખમાં કેટલાંક આદર્શો પ્રતિષ્ઠાપિત કરવામાં આવ્યા છે, જેનો પ્રથમ .......... માં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

(A) પૂર્ણ સ્વરાજ સમયના રવિ નદીના કિનારેના નહેરુજીના ઉદ્‌બોધન

(B) નહેરુ અહેવાલ

(C) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કરાચી સત્ર

(D) સંવિધાન સભા દ્વારા સ્વીકારવામાં આવેલ ઉદ્દેશ ઠરાવ

064. ભારતીય સંવિધાન મુજબ મૂળભૂત અધિકારો સંદર્ભે નીચેનામાંથી કયું કારણ સાચું નથી ?

(A) તે સામાન્ય કાયદાથી ઉપર છે.

(B) તે નિરપેક્ષ છે.

(C) તે ન્યાયસંગત છે.

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

065. નીચેનામાંથી કયું સમાજવાદી વિચારધારા પ્રતિબિંબિત કરે છે ?

(A) પ્રતિબંધ

(B) ગૌહત્યા પર પ્રતિબંધ મૂકવો

(C) રાજ્યમાં સમાન કાર્ય માટે સમાન વેતનના પ્રયત્નો

(D) પંચાયત વ્યવસ્થા રાજ્યની જવાબદારી

066. સંસદ સભ્યોની અયોગ્યતા અંગેના વિવાદનો નિર્ણય કરવા માટે કોણ અધિકૃત છે ?

(A) રાષ્ટ્રપતિ ચૂંટણી પંચના પરામર્શન થકી

(B) રાષ્ટ્રપતિ

(C) સર્વોચ્ચ અદાલત

(D) ચૂંટણી પંચ

067. સંસદીય પરિભાષામાં "બંધ" શબ્દનો અર્થ એટલે .......... .

(A) સંસદના સત્રનો અંત

(B) પ્રવૃત્ત ચર્ચાનો અંત

(C) દિવસની કાર્યવાહીનો અંત

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

068. .......... સર્વોચ્ચ ન્યાયાલયે બંધારણના મૂળભૂત માળખાના સિદ્ધાંતનો પ્રસ્તાવ મૂક્યો.

(A) ગોપાલન વિરૂધ્ધ મદ્રાસ રાજ્ય મુકદમો

(B) ગોલખનાથ મુકદમો

(C) કેશવનંદ ભારતી મુકદમો

(D) મીનરવા મીલ્સ મુકદમો

069. રાજ્યના ઉચ્ચ ન્યાયલયમાં મુખ્ય ન્યાયમૂર્તિ અને .......... નો સમાવેશ થાય છે.

(A) 9 અન્ય ન્યાયમૂર્તિઓ

(B) 11 અન્ય ન્યાયમૂર્તિઓ

(C) 13 અન્ય ન્યાયમૂર્તિઓ

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

070. ભારતીય સંવિધાને કેન્દ્રના અવિશિષ્ટ અધિકાર નિમિત્ત કર્યા છે. પરંતુ કોઈ બાબત અવિશિષ્ટ છે કે કેમ તે નક્કી કરવાની સત્તા .......... પાસે છે.

(A) સંસદ

(B) રાષ્ટ્રપતિ

(C) સર્વોચ્ચ ન્યાયાલય

(D) રાજ્ય સભા

071. નીચેની પૈકી કઈ વિશેષતા ભારતીય ફેડરેશન અને અમેરીકન ફેડરેશન માટે સર્વગત છે ?

(A) સર્વોચ્ચ ન્યાયાલય બંધારણનું અર્થઘટન કરે છે.

(B) એક નાગરિકતા

(C) બંધારણમાં સત્તાની ત્રણ સૂચિ

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

072. રાજ્યની વિધાન પરિષદ .......... રચી શકે અથવા નાબૂદ કરી શકે છે.

(A) સંસદની ભલામણથી રાષ્ટ્રપતિ

(B) રાજ્યની વિધાનસભા

(C) સંસદ સરળ કાયદાથી

(D) સંસદ સંબંધિત રાજ્યની વિધાનસભાની ભલામણથી

073. જો ભારતીય સંવિધાનમાં નવા રાજ્યની રચના કરવી હોય તો નીચેના પૈકી કઈ સૂચિમાં સુધારો કરવાની જરૂર છે ?

(A) પહેલી

(B) બીજી

(C) ત્રીજી

(D) પાંચમી

074. લેસર પ્રિન્ટરમાં નીચેનામાંથી કયા પ્રકારનું લેસર વપરાય છે ?

(A) એક્સાઈમર લેસર

(B) સેમિકન્ડક્ટર લેસર

(C) ડાઈ લેસર

(D) ગેસ લેસર

075. નીચેની પૈકી કઈ સામગ્રી સામાન્ય રીતે ખાદ્ય પરિક્ષણમાં વપરાય છે ?

(A) સોડિયમ બાયકાર્બોનેટ

(B) ટાર્ટરિક એસિડ

(C) એસિટિક એસિડ

(D) બેનઝોઈક એસિડ

076. અતિશય મદ્યપાન કરનાર મોટે ભાગે નીચેનામાંથી કયા રોગથી મૃત્યુ પામે છે ?

(A) બ્લડ કેન્સર

(B) પિત્તાશય અથવા પેટનું કેન્સર

(C) સિર્રોસિસ

(D) હૃદય નબળુ પડી જવાથી

077. હાલમાં "મેધા" સમાચારોમાં છે, તે .......... છે.

(A) DRDO એ બનાવેલુ ડ્રોન

(B) IIT મુંબઈએ બનાવેલો રોબોટ

(C) ભારતીય બનાવટની ટ્રેન

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

078. 'ગ્રીન ક્લાઈમેટ ફંડ'ની સ્થાપના નીચેની પૈકી કઈ COP પરિષદમાં થઈ હતી ?

(A) પેરીસ (B) કેંકૂન

(C) લીમા (D) નવી દિલ્હી

079. નીચેના પૈકી કયું નિવસન તંત્ર જૈવિક રીતે સૌથી વધુ વૈવિધ્યસભર છે ?

(A) આદ્રભૂમિ (B) વર્ષાવન

(C) છીછરો સમુદ્ર (D) ઉપરોક્ત તમામ

080. ભારતમાં ઠંડા રણનું જીવમંડળ ક્યાં આવેલું છે ?

(A) ઉત્તરાખંડ (B) હિમાચલ પ્રદેશ

(C) જમ્મુ કાશ્મીર (D) સિક્કીમ

081. એક્સ-રે એટલે .......... .

(A) ધીમા ગતિમાન ઈલેક્ટ્રોનસ (B) ઝડપી ગતિમાન ઈલેક્ટ્રોનસ

(C) ઈલેક્ટ્રોમેગ્નેટીક તરંગો (D) ધીમા ગતિમાન ન્યુટ્રોનસ

082. ઘરેણાની બનાવટમાં .......... ધાતુને સોના સાથે ભેગવામાં આવે છે.

(A) જસત (B) લોખંડ

(C) ચાંદી (D) તાંબુ

083. બધા પ્રકારની વસ્તુઓ પર ઉપયોગમાં લેવાતા બારકોડને સીધેસીધુ કમ્પ્યુટરમાં સ્કેનીંગ ઉપકરણ દ્વારા વાંચવામાં આવે છે, નીચેનામાંથી આ સ્કેનીંગ ઉપકરણ કયું છે ?

(A) લેસર સ્કેનર (B) વોન્ડ

(C) OCR (D) MICR

084. નીચેનું પૈકી કયુ તોપખાનું હાલમાં જ અંતિમ કસોટીમાં ખરું ઉતર્યું છે અને હવે ટૂંક સમયમાં જ ભારતીય સેનામાં પ્રયોગમાં આવશે.

(A) T-72 (B) ધનુષ

(C) વિજયંત (D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

085. અમદાવાદની ફીઝીકલ રીસર્ચ લેબોરેટરીના સંશોધકોની ટીમે .......... નામનો ગ્રહ શોધી કાઢ્યો છે.

(A) ADEA (B) GDEA

(C) EPIC (D) SOND

086. કિંમત શોધો : 358.085 + 42.91 + 25.5 = ?

(A) 425.565 (B) 426.395

(C) 426.495 (D) આમાંનું એક પણ નહીં

087. જો એક સાંકેતિક ભાષામાં A = 26 અને DOG = 85 તો CAT = ?

(A) 56 (B) 57

(C) 58 (D) 59

088. નીચે પૈકી કઈ સંખ્યા 11 વડે વિભાજ્ય નથી ?

(A) 614625 (B) 315645

(C) 106238 (D) આમાંનું એક પણ નહીં

089. જો એક વર્તુળાકાર મેદાનની ત્રિજ્યા 147 મીટર હોય તો તે મેદાનનું ક્ષેત્રફળ કેટલું થશે ?

(A) 67914 ચો.મી. (B) 76914 ચો.મી.

(C) 92400 ચો.મી. (D) આમાંનું એક પણ નહીં

090. કિંમત શોધો : [93 – {5 x 4} + 7 (6 – 15) – 9] = ?

(A) 1
(B) –2
(C) 10
(D) આમાંનું એક પણ નહીં

091. રૂ. 40,000 નું 12.5% લેખે 3 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થશે ?

(A) રૂ. 17,125
(B) રૂ. 34,225
(C) રૂ. 38,125
(D) આમાંનું એક પણ નહીં

092. નીચે પૈકી કઈ સંખ્યા $X^2 - 32x + 255 = 0$ નો ઉકેલ છે ?

(A) –15
(B) 15
(C) –17
(D) આમાંનું એક પણ નહીં

093. એક ટ્રેનની ઝડપ 72 કિમી / કલાક છે. જો તેને એક થાંભલાને પસાર કરતાં 10 સેકન્ડ લાગે તો તે ટ્રેનની લંબાઈ કેટલી હશે ?

(A) 144 મીટર
(B) 156 મીટર
(C) 200 મીટર
(D) આમાંનું એક પણ નહીં

094. એક જહાજ દક્ષિણ દિશામાં જઈ રહ્યું છે. જો તે પોતાની જમણી તરફ 90° ને ખૂણે વળી ગતિ કરે તો હવે તે કઈ દિશામાં જતું હશે ?

(A) પૂર્વ
(B) પશ્ચિમ
(C) ઉત્તર
(D) આમાંનું એક પણ નહીં

095. જો કોઈ ત્રિકોણનો એક ખૂણો 95° હોય તો તે ત્રિકોણ કયો ત્રિકોણ હશે ?

(A) ગુરુકોણ ત્રિકોણ
(B) કાટકોણ ત્રિકોણ
(C) લઘુકોણ ત્રિકોણ
(D) આમાંનું એક પણ નહીં

096. એક વર્ગમાં 17 બાળકોનું સરેરાશ વજન 33 છે. તથા બાકીના 13 બાળકોનું સરેરાશ વજન 27 છે તો વર્ગના તમામ બાળકોનું સરેરાશ વજન કેટલું થશે ?

(A) 30
(B) 30.2
(C) 30.4
(D) 30.6

097. કેતન એક કામ 6 દિવસમાં અને મહેશ તે જ કામ 8 દિવસમાં પૂરું કરી શકે છે. તે બન્નેને સાથે તે કામ સોંપવામાં આવે છે. જો તેઓ વિશાલની મદદથી તે કામ 3 દિવસમાં પૂર્ણ કરે તો વિશાલને તે કામ કરતા કેટલો સમય લાગશે ?

(A) 22 દિવસ
(B) 24 દિવસ
(C) 32 દિવસ
(D) 36 દિવસ

098. 4 સેમી ત્રિજ્યાના એક ગોળાની વક્ર સપાટીનું ક્ષેત્રફળ કેટલું થશે ?

(A) 64/3 ઘન સેમી
(B) 640 ઘન સેમી
(C) 64 $\pi$ ઘન સેમી
(D) 72 $\pi$ ઘન સેમી

099. નીચે પૈકી કયું વર્ષ લીપ વર્ષ (Leap Year) છે ?

(A) 1998
(B) 2000
(C) 2002
(D) આમાંનું એક પણ નહીં

100. એક ઘડિયાળ દર કલાકે 5 મિનિટ મોડી પડે છે. જો બપોરે 12:00 કલાકે તેનો સમય મેળવવામાં આવ્યો હોય તો સાંજે 5:00 કલાકે તે કેટલો સમય બતાવતી હશે ?

(A) 4:35
(B) 4:40
(C) 4:45
(D) આમાંનું એક પણ નહીં

101. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 ના નિયમ હેઠળ નિમણૂક સત્તાધિકારી મહિલા ઉમેદવારોને જે તે સેવા કે જગા માટે ઠરાવેલી વયમર્યાદા ચાલીસ વર્ષથી વધતી હોય તો, વય મર્યાદા વધુમાં વધુ કેટલા વર્ષ સુધી હળવી કરી શકે છે ?

(A) 42 વર્ષ
(B) 45 વર્ષ
(C) 50 વર્ષ
(D) 52 વર્ષ

102. તાબાની સેવાઓ અથવા ઉતરતા દરજ્જાની સેવાઓ અથવા જગાઓ પર સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામથી અથવા સીધી પસંદગીથી કરાર આધારિત નિમણૂક આપવાની જોગવાઈ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967માં કયા વર્ષમાં કરવામાં આવી છે ?

(A) 2009
(B) 2008
(C) 2007
(D) 2010

103. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 અનુસાર વર્ગ-1 ની સેવામાંની નીચલી જગા ઉપરથી તે સેવામાંની ઉપલી જગા પર બઢતી માટે કેટલા વર્ષનો લઘુતમ અનુભવ ઠરાવેલ છે ?

(A) સાત વર્ષનો
(B) આઠ વર્ષનો
(C) પાંચ વર્ષનો
(D) ત્રણ વર્ષનો

104. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967માં વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ નીચેના પૈકી કયા નિયમમાં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ રહે છે ?

(A) ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો 1971
(B) ગુજરાત મુલકી સેવા નિયમો 2002
(C) ગુજરાત સરકારના કામકાજના નિયમો, 1990
(D) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971

105. કોઈપણ સેવા અથવા જગ્યા ઉપર નિમણૂક થઈ હોય તેવી વ્યક્તિએ કઈ પરીક્ષા પાસ કરવાની રહે છે ?

(A) હિન્દી પરીક્ષા
(B) ગુજરાતી પરીક્ષા
(C) ખાતાકીય પરીક્ષા
(D) ઉપરની તમામ

106. કોઈપણ સેવા અથવા જગા માટે ઠરાવેલી લાયકાતોમાં પ્રત્યક્ષ કામના અનુભવ અંગેની લાયકાતનો સમાવેશ થતો હોય ત્યારે અનુભવની મુદતની ગણતરી કેવી રીતે કરવાની હોય છે ?

(A) જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખના સંદર્ભમાં
(B) અરજી સ્વીકારવા માટે નક્કી કરેલી છેલ્લી તારીખના સંદર્ભમાં
(C) રૂબરૂ મુલાકાતની તારીખના સંદર્ભમાં
(D) જગ્યા માટેની સ્પર્ધાત્મક પરીક્ષાની છેલ્લી પરીક્ષાની તારીખના સંદર્ભમાં

107. સરકારી કર્મચારીને વિશિષ્ટ સંજોગોમાં ફરજ બજાવવાના કારણે થતા આવશ્યક અંગત ખર્ચને પહોંચી વળવા અપાતું ભથ્થું એટલે ?

(A) વળતર ભથ્થું
(B) કાયમી મુસાફરી ભથ્થું
(C) માઈલેજ ભથ્થું
(D) સ્થાનિક વળતર ભથ્થું

108. ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, 2002 હેઠળ વળતર ભથ્થાનાં કુલ કેટલા પ્રકારો છે ?

(A) ત્રણ
(B) દસ
(C) સાત
(D) પાંચ

109. કર્મચારીઓનું મુખ્ય ગુજરાત રાજ્ય બહાર આવેલ હોય તેવા કિસ્સામાં તેઓને મળવાપાત્ર વળતર ભથ્થાંની પાત્રતા નક્કી કરવાની શું જોગવાઈ છે ?

(A) કર્મચારી જે રાજ્યમાં ફરજ બજાવે તે સ્થળ માટેના જે તે રાજ્યના રાજ્ય સરકારે નિયત કરેલ દરે

(B) તેવા સ્થળ માટે ગુજરાત સરકાર નિયત કરે તે દર

(C) જે તે સ્થળે ફરજ બજાવતા કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ને સ્થળે કેન્દ્ર સરકારે નિયત વર્ગીકરણ કર્યા મુજબના દરે

(D) ઉપર ત્રણમાંથી કર્મચારીને જે લાભ કર્તા હોય તે દરે

110. શૈક્ષણિક પરીક્ષા સિવાયની જાહેર સેવા આયોગ કે અન્ય ખાતાઓ તરફથી લેવામાં આવતી ખાતાકીય પરીક્ષા સહિતની પરીક્ષાઓના કામ કરવા માટે કર્મચારીને આપવામાં આવતા માનદ વેતન સ્વીકારવા માટે સક્ષમ સત્તાધિકારીની મંજૂરીની આવશ્યક્તા નથી તે જોગવાઈ ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, 2002ના કયા નિયમમાં થયેલ છે ?

(A) નિયમ-11

(B) નિયમ-49

(C) નિયમ-15

(D) નિયમ-31

111. સરકારી કર્મચારીને પોતાના મુખ્ય મથક સિવાયના અન્ય સ્થળે રહેવા માટે સક્ષમ સત્તાધિકારીએ પરવાનગી આપી હોય તો સ્થાનિક વળતર ભથ્થું કયા દરે મળવાપાત્ર રહેશે ?

(A) કર્મચારીના મુખ્યમથકે મળવાપાત્ર દરે

(B) કર્મચારીને જે સ્થળે રહેવાની પરવાનગી આપી હોય તે દરે

(C) કર્મચારીના કાર્યમથકના દરે અથવા જે સ્થળે પરવાનગી આપી હોય તે સ્થળના દર પૈકી જે સ્થળે મળવા પાત્ર ભથ્થું ઓછું હોય તે દરે

(D) સ્થાનિક વળતર ભથ્થું મળવાપાત્ર નથી

112. સરકારી કર્મચારી તેના કાર્યમથકે કે સ્થાનિક મંડળની માલિકીના કે તેમના દ્વારા સંચાલિત સરકીટ હાઉસ/રેસ્ટ હાઉસ/પથિકાશ્રમમાં રહેતા હોય તો સરકારી કર્મચારીને ઘર ભાડા ભથ્થા મળવાની શું જોગવાઈ છે ?

(A) ઘર ભાડાં ભથ્થું કર્મચારીને મળવાપાત્ર દરે મળશે

(B) ઘરભાડાં ભથ્થું મળવાપાત્ર નથી

(C) સરકીટ હાઉસ/રેસ્ટ હાઉસ/પથિકાશ્રમમાં ચૂકવેલ રકમ બાદ કરીને બાકીની રકમ મળે

(D) મળવાપાત્ર ઘરભાડાં ભથ્થાની રકમમાંથી 10% રકમ બાદ કરીને બાકીની રકમ મળવાપાત્ર થાય

113. એક કર્મચારી 200 દિવસ પ્રાપ્ત રજા પર છે. તે રજા દરમ્યાન સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડાં ભથ્થું કયા દરે મળે ?

(A) પ્રથમ 180 દિવસ સુધીની રજામાં પૂરા દરે મળે

(B) 200 દિવસની રજાના સંપૂર્ણ સમય ગાળા માટે પૂરા દરે મળે

(C) પ્રથમ 90 દિવસ પૂરા દરે, ત્યારબાદ બીજા 90 દિવસ અડધા દરે

(D) ફક્ત પ્રથમ 30 દિવસ સુધી બંને ભથ્થાં પૂરા દરે મળવાપાત્ર છે

114. ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો, 2002 હેઠળ વળતર ભથ્થાના પ્રકારોમાં નીચેનાનો સમાવેશ થાય છે ?

(A) સ્થાનિક વળતર ભથ્થું

(B) ઘરભાડાં ભથ્થું

(C) પ્રોજેક્ટ ભથ્થું

(D) ઉપરના ત્રણેય ભથ્થાં

115. કેટલા માસ ઉપરાંતની રજા પેન્શનપાત્ર સેવાના હેતુ માટે ધ્યાનમાં લેવાની રહેતી નથી ?

(A) ચોવીસ માસ

(B) છત્રીસ માસ

(C) બાર માસ

(D) અસાધારણ રજાનો કોઈપણ સમયગાળો

116. પેન્શન પાછું લેવાનું કે મોકૂફ રાખવાનો સરકારનો અધિકાર હોવા બાબતની જોગવાઈ ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, 2002 ના કયા નિયમમાં થયેલ છે ?

(A) નિયમ-24 (B) નિયમ-23

(C) નિયમ-28 (D) નિયમ-22

117. માનસિક અથવા શારીરિક દુર્બળતાને કારણે નિવૃત્ત થવા માટે નિયત કરેલી નિવૃત્તી વયે પહોંચતા અગાઉ નિવૃત્ત થતા કર્મચારીને આપવામાં આવતું પેન્શન એટલે-

(A) વળતર પેન્શન (B) ઘા અથવા ઈજા પેન્શન

(C) નિવૃત્તી પેન્શન (D) અશક્તતા પેન્શન

118. સરકારી કર્મચારીને તેની ગેરવર્તણૂંક, નાદારી કે બિન કાર્ય ક્ષમતા બદલ નોકરીમાંથી દૂર કરવામાં આવે તો કયું પેન્શન મળી શકે ?

(A) નિવૃત્તી પેન્શન (B) ખાસ કિસ્સામાં રહેમિયત પેન્શન

(C) વળતર પેન્શન (D) કોઈ પેન્શન મળવાપાત્ર નથી

119. કયા કર્મચારીને રહેમિયત પેન્શન મંજૂર કરી શકાય નહીં ?

(A) બરતરફ કાયેલ કર્મચારીને (B) રૂખસદ કરાયેલ કર્મચારીને

(C) હંગામી કર્મચારીને (D) કાયમી કર્મચારીને

120. પેન્શન મુડીકૃત રૂપાંતરની રકમ પેન્શનર, પેન્શનની રૂપાંતરિત રકમ પ્રાપ્ત કર્યા પહેલાં અવસાન પામે તો તેની પેન્શન રૂપાંતરની રકમ ચૂકવવાની શું જોગવાઈ છે ?

(A) પેન્શનની મુડીકૃત રૂપાંતરની રકમ મળવાપાત્ર ન થાય

(B) પેન્શનના મુડીકૃત રૂપાંતરને બદલે વધુ પેન્શન મળે

(C) કર્મચારીના વારસદારને પેન્શનના મુડીકૃત રૂપાંતરની રકમ મળે

(D) પેન્શનના મુડીકૃત રૂપાંતરને બદલે વધુ ગ્રેજ્યુઈટી મળે

121. એક કરતાં વધુ જગ્યાઓ ઉપર પેન્શનપાત્ર નોકરી કરનાર કર્મચારીને કુલ કેટલા પેન્શન મળવાપાત્ર થાય ?

(A) નોકરીની સંખ્યા બે હોય તો બે પેન્શન મળી શકે (B) માત્ર એકજ પેન્શન મળી શકે

(C) પેન્શન માટે ગેર લાયક ઠરે છે (D) ઉપરના ત્રણ પૈકી એકપણ નહીં

122. નિવૃત્ત થયેલ સરકારી કર્મચારી કોઈ ગુનાસર દોષિત ઠેરવવામાં આવે તો તેના પેન્શન સંબંધ શું જોગવાઈ છે ?

(A) કાયમી ધોરણે પેન્શન પાછું ખેંચવું

(B) નિશ્ચિત સમય સુધી પેન્શન પાછું ખેંચવું

(C) પેન્શન મોકૂફ રાખવું

(D) ઉપરના (A), (B) અને (C) હેઠળના તમામ પગલાં પૈકી કોઈ એક

123. કામચલાઉ પેન્શન કયા પ્રકારના પેન્શનમાં મળવાપાત્ર છે ?

(1) નિવૃત્તીવય પેન્શન

(2) અશક્તતા પેન્શન

(3) નિવૃત્તી પેન્શન સ્વૈચ્છિક નિવૃત્તી સહિત

(4) વળતર પેન્શન

(A) (1), (2) અને (3) માં મળવા પાત્ર છે (B) (1), (3) અને (4) માં મળવા પાત્ર છે

(C) (1), (2) અને (4) માં મળવા પાત્ર છે (D) (1), (2), (3) અને (4) માં મળવા પાત્ર છે

124. સામાન્ય રીતે સરકારી નોકરીમાં નિમણૂક માટે ઓછામાં ઓછી કેટલી વય મર્યાદા નક્કી થયેલ છે ?

(A) 16 વર્ષ
(B) 18 વર્ષ
(C) 21 વર્ષ
(D) 25 વર્ષ

125. કર્મચારીને સામાન્ય રીતે કયા મેડીકલ બોર્ડ સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે ?

(A) રહેઠાણના સ્થળની નજીક આવેલા મેડીકલ બોર્ડ સમક્ષ
(B) ખાતાના વડા દ્વારા સૂચવ્યા મુજબના મેડીકલ બોર્ડ સમક્ષ
(C) નોકરીના સ્થળથી નજીકના મેડીકલ બોર્ડ સમક્ષ
(D) કર્મચારીને અનુકૂળ હોય તે મેડીકલ બોર્ડ સમક્ષ

126. નોકરીના રેકર્ડમાંથી વીમા કંપનીઓને ઉતારા આપવા બાબતે શી જોગવાઈ છે ?

(A) ખાતાના વડા સ્વવિવેકાધીકારે ઉતારા આપી શકે છે
(B) આવા ઉતારા આપી શકાય નહીં
(C) કચેરીના વડાએ ઉતારા આપવા ફરજિયાત છે
(D) કચેરીના વડા સ્વવિવેકે ઉતારા આપી શકે છે

127. ખાતાના વડા અધિકારીઓની સેવાના રેકર્ડની જાળવણી કોણ કરે છે ?

(A) સામાન્ય વહીવટ વિભાગ
(B) ખાતાના વડા પોતે
(C) ખાતાના વડાનો સંબંધિત વહીવટી વિભાગ
(D) પગાર અને હિસાબી અધિકારી

128. જાહેર સેવાના ભાગરૂપે ઉચ્ચ હોદ્દા માટે પાત્રતા મેળવવા સરકારી કર્મચારીને જો કોઈ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું ફરજિયાત હોય તો તેવી પરીક્ષા સ્થળે જવા માટે અને ત્યાંથી પાછા આવવા માટે જરૂરી વ્યાજબી સમય ફરજ તરીકે દરેક ફરજિયાત કિસ્સામાં કેટલો વખત મળી શકે ?

(A) 2
(B) 3
(C) 4
(D) અધિકતમ કોઈ મર્યાદા નથી

129. સરકારી કર્મચારીના રાજીનામાનો અસ્વીકાર નીચેના પૈકી કયા કારણોસર કરી શકાશે નહીં ?

(A) નાણાની કોઈ નિશ્ચિત કે નિશ્ચિત થઈ શકે તેવી રકમ તેની પાસેથી લેણી હોય અને તેની ચૂકવણી ઉપરોક્ત સમયગાળામાં કરવામાં આવેલ ન હોય.
(B) તે ફરજમોકૂફી હેઠળ હોય.
(C) તેની વિરૂદ્ધ ખાતાકીય તપાસ કે ફોજદારી કાર્યવાહી અપેક્ષિત કે બાકી હોય.
(D) ખાતામાં સ્ટાફની અછત હોવાથી.

130. કચેરીના વડા દ્વારા સેવાપોથીની વાર્ષિક ખરાઈ દર વર્ષે કયા માસમાં કરવાની રહે છે ?

(A) જાન્યુઆરી
(B) એપ્રિલ
(C) જુલાઈ
(D) માર્ચ

131. પોતાના વહીવટી નિયંત્રણ હેઠળના કર્મચારીઓને દર વર્ષે તેમની સેવાપોથી બતાવીને અને સેવાપોથી તપાસ્યાના પ્રતિકરૂપે તેમાં તેની સહી પણ લેવામાં આવે છે, તેવી કાર્યવાહી કરેલ છે એ મતલબનું પ્રમાણપત્ર કચેરીના વડા અધિકારીએ ક્યારે મોકલવાનું હોય છે ?

(A) જાન્યુઆરી માસની આખર સુધીમાં
(B) એપ્રિલ માસની આખર સુધીમાં
(C) સપ્ટેમ્બર માસની આખર સુધીમાં
(D) ડિસેમ્બર માસની આખર સુધીમાં

132. વહીવટી કારણોસર થયેલ બદલીથી નિમણૂંકમાં કયા કિસ્સામાં ફરજ પર જોડાવવાનો સમય મળવાપાત્ર નથી ?

(A) નવી કચેરીમાંની કોઈ જગ્યા ઉપર નિમણૂક થતા એક મથકેથી બીજી મથકે રહેઠાણનું સ્થળ ફેરવવાનું જરૂરી ન બને ત્યારે.

(B) એકજ મુખ્ય મથકે થયેલ બદલી જેમાં કચેરી બદલાયેલ હોય.

(C) બદલીથી નિમણૂંકમાં થતા ફેરફારને કારણે ખરેખર કચેરી બદલાતી ન હોય ત્યારે.

(D) ઉપરના બધાજ કિસ્સામાં

133. સ્વવિનંતીથી બદલીના કિસ્સામાં નવી નિમણૂકના સ્થળે ફરજ પર જોડાવા કેટલા દિવસ ફરજ પર જોડાવાના સમય તરીકે મળવાપાત્ર થાય છે ?

(A) એક દિવસ

(B) પ્રવાસ માટે જરૂરી દિવસ

(C) છ દિવસ

(D) એકપણ દિવસ મળવાપાત્ર નથી

134. ફરજ મોકૂફીનો નીચેનામાંથી કયા પ્રકારની શિક્ષામાં સમાવેશ થાય છે ?

(A) ભારે શિક્ષા

(B) હળવી શિક્ષા

(C) કોઈપણ પ્રકારની શિક્ષા ગણાય નહીં

(D) નિમણૂક અધિકારી નક્કી કરે તે પ્રકારની શિક્ષા

135. ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારીને કયા પ્રકારની રજા મંજૂર કરી શકાય ?

(A) હક્ક રજા

(B) અસાધારણ રજા

(C) રૂપાંતરિત રજા

(D) રજા મંજૂર કરી શકાય નહીં

136. ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારીને મંજૂર થયેલ નિર્વાહ ભથ્થામાંથી નીચેના પૈકી કઈ કપાત ફરજિયાત પણે કરવાની રહેતી નથી ?

(A) આવકવેરો

(B) સામાન્ય ભવિષ્ય નિધિ ફાળો

(C) ઘરભાડું

(D) સરકાર પાસેથી લીધેલ પેશગીઓ

137. રાજ્ય સરકારના કર્મચારીને કોની મંજૂરીથી ભારત બહાર પ્રતિનિયુક્તિ આપી શકાય ?

(A) રાજ્ય સરકાર

(B) ભારત સરકાર

(C) નિમણૂક અધિકારી

(D) ખાતાના વડા

138. રાજ્યેતર સેવામાં સરકારી કર્મચારીની પ્રતિનિયુક્તિ સામાન્ય સંજોગોમાં વધુમાં વધુ કેટલા વર્ષ હોઈ શકે ?

(A) એક વર્ષ

(B) ત્રણ વર્ષ

(C) ચાર વર્ષ

(D) બે વર્ષ

139. રાજ્યેતર સેવામાં નિમણૂક કરવામાં આવેલ કર્મચારીના પેન્શન અને રજા પગારના ખર્ચનો ફાળો રાજ્યના એકત્રિત ફંડમાં ચૂકવવા (જમા કરાવવા) માટે પ્રાથમક જવાબદારી કોની છે ?

(A) સરકારી કર્મચારીની પોતાની

(B) કર્મચારીના ખાતા વડાની

(C) રાજ્યેતર સેવાના નિયુક્તાની

(D) રાજ્યેતર સેવા ઉપર મોકલવાના હુકમો કરનાર કચેરીની

140. નોકરીમાં અપીલ કે પુનઃસમીક્ષાને પરિણામે બરતરફ, રૂખસદ કે ફરજમોકુફી હેઠળ મુકવામાં આવેલા કર્મચારીને નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં આવે તો તેની ફરજ પરની ગેરહાજરીની મુદત માટે પગાર અને ભથ્થાંનું નિયમન કરવા માટે કોણ સક્ષમ છે ?

(A) વિભાગના સચિવ

(B) પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવાની સત્તા ધરાવતા અધિકારી

(C) ખાતાના વડા

(D) ઉપરનાં બધાજ

141. ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો 2002 હેઠળ ફરજમાં કઈ બાબતોનો સમાવેશ થતો નથી ?

(A) તાલીમ/શિક્ષણની સમાપ્તિ અને ફરજ સંભાળ્યા તારીખ વચ્ચેનો સમયગાળો.

(B) તાલીમની સમાપ્તિ બાદ આવતી રજા

(C) કર્મચારી રજા પર હોય તે દરમ્યાન ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા કિસ્સામાં પરીક્ષાના દિવસોનો સમયગાળો.

(D) સરકારી હુકમ મુજબ અધિકૃત તાલીમ/શિક્ષણનો સમયગાળો.

142. મુદતી જગ્યા સિવાયની જગાના સંબંધમાં પગાર સુધારવાના કારણે અથવા શિસ્તભંગના પગલાં સિવાયના અન્ય કારણે કાયમી પગારમાં થતા ઘટાડાને લીધે સરકારી કર્મચારીને કાયમી પગારમાં થતા નુકસાનથી બચાવવા આપવામાં આવતા પગારને શું કહે છે ?

(A) કાર્યકારી પગાર

(B) અંગત પગાર

(C) ખાસ પગાર

(D) વિશેષ પગાર

143. સરકારી કર્મચારીને ભરતીના નિયમો કે સિનિયોરીટી ધ્યાનમાં લીધા સિવાય કે અન્ય રીતે કામચલાઉ વ્યવસ્થા તરીકે બઢતીથી નિમણૂક આપવામાં આવે ત્યારે પગાર કઈ રીતે નક્કી કરવામાં આવે છે ?

(A) કર્મચારીના મળતા પગારધોરણના મહતમ તબક્કે ઉપલી જગાના પગારધોરણમાં પગાર નક્કી કરવો.

(B) કર્મચારીના ઉપલી જગાના પગારધોરણમાં તેના મૂળ નીચલી જગાના પગાર પછીના તબક્કે પગાર નક્કી કરવાનો રહે.

(C) કર્મચારીને મળતા પગારમાં કાલ્પનિક ઈજાફો ઉમેર્યા પછી ઉપલા તબક્કે ઉપલી જગાના પગારધોરણમાં પગાર નક્કી કરવાનો રહે.

(D) કામચલાઉ બઢતી હોઈ, મૂળ જગાનો પગાર મેળવવાનું ચાલુ રહેશે.

144. અપરિપક્વ ઈજાફો મંજૂર કરવાની સત્તા કોને હોય છે ?

(A) રાજ્ય સરકારને

(B) ખાતાના વડાને

(C) જગ્યા મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી ને

(D) પગારધોરણ નક્કી કરવાની સત્તા ધરાવતા અધિકારીને

145. નિયત શરતોને આધિન એકી વખતે તબીબી કારણસરની કેટલા સમયની અસાધારણ રજાના સમયગાળાને ઈજાફા માટે ધ્યાને લેવાય ?

(A) ત્રણ માસથી વધુ નહીં

(B) છ માસથી વધુ નહીં

(C) 30 દિવસથી વધુ નહીં

(D) 60 દિવસથી વધુ નહીં

146. સમકક્ષ જગ્યાનો વધારાનો હવાલો સંભાળવા બદલ કેટલો ખાસ પગાર મળે ?

(A) સંભવિત પગારના 5%

(B) સંભવિત પગારના 10%

(C) સંભવિત પગારના 3%

(D) સંભવિત પગારના 15%

147. ખાલી જગ્યાનો વધારાનો હવાલો સંભાળવા બદલ કર્મચારીને આપવામાં આવતો ખાસ પગાર/વધારાનો પગાર ક્યારે મળવાપાત્ર થાય ?

(A) વધારાનો હવાલો 60 દિવસ કરતાં વધારે સમય માટે સંભાળેલ હોય ત્યારે

(B) વધારાનો હવાલો 10 દિવસ કરતાં વધારે સમય માટે સંભાળેલ હોય ત્યારે

(C) વધારાનો હવાલો 15 દિવસ કરતાં વધારે સમય માટે સંભાળેલ હોય ત્યારે

(D) વધારાનો હવાલો 30 દિવસ કરતાં વધારે સમય માટે સંભાળેલ હોય ત્યારે

148. સંભવિત પગાર એટલે શું ?

(A) અન્ય જગ્યાની વધારાની કામગીરી માટે મંજૂર કરવામાં આવતો પગાર

(B) કર્મચારીએ જો કોઈ જગ્યા ધારણ કરેલ હોત અને તે જગ્યાની ફરજો બજાવવા બદલ તેને જે પગાર મળવાપાત્ર થાત તે પગાર

(C) નિમણૂક સમયનો પગાર

(D) નીચલી જગ્યા પર નિમણૂક સમયે કર્મચારીને કાયમી પગારમાં થતા નુકસાનમાંથી બચાવવા માટે ચૂકવવામાં આવતો પગાર

149. ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002 હેઠળ પાયરી ઉતાર (શિક્ષા) વખતે કયા નિયમ અનુસાર પગાર નિયત કરવામાં આવે છે ?

(A) નિયમ-23 (B) નિયમ-24

(C) નિયમ-25 (D) નિયમ-11(1)

150. કર્મચારી પ્રાપ્ત રજા પર જાય તો આ રજાના સમય દરમ્યાન રજા પગારની ગણતરી કઈ રીતે થાય છે ?

(A) અગાઉના કુલ પગારની સરેરાશ જેટલો પગાર

(B) રજા દરમ્યાન ઈજાફો ધ્યાને લઈ નક્કી થતો પગાર

(C) કર્મચારી રજા પર જતાં પહેલાં જે પગાર આકારેલ હોય તેની બરાબર પ્રાપ્ત રજા પગાર

(D) કર્મચારીના જે તે પગાર ધોરણના લઘુતમ પગાર મુજબ

151. કર્મચારીને બિનજમા રજા દરમ્યાન કેટલો પગાર મળવાપાત્ર છે ?

(A) બિનજમા રજા દરમ્યાન રજા પગાર મળવા પાત્ર નથી

(B) બિનજમા રજા પર જતા તરત પહેલા જે પગાર હોય તે કરતાં અડધી રકમના રજા પગાર

(C) કર્મચારીને મળવાપાત્ર પૂરો પગાર

(D) 75 ટકા પગાર

152. ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, 2002 હેઠળ રજા એટલે ..........

(A) ફરજ પરની ગેરહાજરી

(B) ફરજ પર ગેરહાજર રહેવા માટે કર્મચારીને મળતો હક્ક

(C) સરકારી કર્મચારીને ફરજ ઉપરથી ગેરહાજર રહેવા સક્ષમ સત્તાધિકારીની વિવેકબુદ્ધિ હેઠળ આપવામાં આવેલ પરવાનગી

(D) ઉપરના પૈકી એકપણ નહીં

153. કઈ રજા દરમ્યાન પગાર મળવા પાત્ર નથી ?

(A) અર્ધપગારી રજા (B) પ્રાપ્ત રજા

(C) રૂપાંતરીત રજા (D) અસાધારણ રજા

154. એક કર્મચારી 1લી જાન્યુઆરીથી 30 જુન સુધી તબીબી કારણોસર અસાધારણ રજા પર હતા તો તરત પછીના જુલાઈથી ડિસેમ્બરના અર્ધ વાર્ષિક ગાળામાં તેના ખાતે કેટલી પ્રાપ્ત રજા જમા કરવામાં આવશે ?

(A) 15 દિવસ
(B) 10 દિવસ
(C) એકપણ નહીં
(D) 30 દિવસ

155. કર્મચારીની સંપૂર્ણ નોકરી દરમ્યાન અધિકતમ કેટલા દિવસની મર્યાદામાં બિનજમા રજા મળવાપાત્ર છે ?

(A) 120 દિવસ
(B) 180 દિવસ
(C) 300 દિવસ
(D) 360 દિવસ

156. અભ્યાસ રજા મંજૂર કરવા માટે સક્ષમ અધિકારી કોણ છે ?

(A) સંબંધિત વહીવટી વિભાગ
(B) સંબંધિત વહીવટી વિભાગ - સામાન્ય વહિવટ વિભાગના પરામર્શમાં
(C) સંબંધિત વહીવટી વિભાગ નાણાં વિભાગ સાથે પરામર્શ કરીને
(D) નાણા વિભાગ

157. વર્ષના અર્ધવાર્ષિક ગાળા દરમ્યાન નવી નિમણૂક કરવામાં આવી હોય તેવા કિસ્સામાં કયા માસિક દરે પ્રથમ અર્ધવાર્ષિક સમયગાળા માટે સરકારી કર્મચારીના ખાતામાં અર્ધપગારી રજા જમા કરવામાં આવશે ?

(A) $\frac{3}{4}$
(B) $\frac{5}{3}$
(C) $\frac{3}{5}$
(D) $\frac{1}{2}$

158. કર્મચારીએ મૂકેલ રજા અરજી બાબતે રજા મંજૂર કરનાર અધિકારીને કઈ સત્તા નથી ?

(A) રજા નામંજૂર કરવાની
(B) રજા પરથી પરત બોલાવવાની
(C) રજા મંજૂર કરવાની
(D) રજાનો પ્રકાર બદલવાની

159. જે દિવસે રજા પૂરી થાય અને જે દિવસે સરકારી કર્મચારી ફરજ પર હાજર થાય તે બંને વચ્ચેના સંપૂર્ણ સમયગાળા (રવિવાર અને જાહેર રજા સહિત) ગેરહાજરીને શું કહેવામાં આવે છે ?

(A) ફરજ પર હાજર થવાનો સમયગાળો
(B) કર્મચારીની રજા સિવાયની ગેર હાજરી
(C) રજાનું અતિક્રમણ (ઓવર સ્ટેયલ)
(D) ત્રણ પૈકી એકપણ નહીં

160. હાલના નિયમો મુજબ મહિલા કર્મચારીને પ્રસૂતિની કેટલી રજા મળવાપાત્ર થાય છે ?

(A) 150 દિવસ
(B) 180 દિવસ
(C) 120 દિવસ
(D) 240 દિવસ

161. સરકારી કર્મચારીઓના રહેણાંક માટે સરકાર મકાન ઉપલબ્ધતા કઈ રીતે કરે છે ?

(A) સરકાર પોતે આવાસ બાંધીને
(B) સરકાર યોગ્ય મકાનો ભાડે રાખીને કે સંપાદન કરીને
(C) સરકાર મકાનો ખરીદીને
(D) ઉપરની કોઈપણ રીતે

162. ગાંધીનગર સિવાયની જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ/અધિકારીઓને રહેણાંકના સરકારી મકાનો ફાળવવા માટે કુલ કેટલી કેટેગરી નિયત થયેલ છે ?

(A) 5
(B) 7
(C) 9
(D) 12

163. સરકારી કર્મચારીઓને નિયમાનુસાર મળવાપાત્ર કક્ષાના રહેણાંકના આવાસ કરતાં ઉંચી કક્ષાનું આવાસ ફાળવવામાં આવે ત્યારે તેની પાસેથી કયા દરે ભાડું લેવાનું રહેશે ?

(A) કર્મચારીને પોતાને મળવાપાત્ર મકાનનું ધોરણસરનું ભાડું

(B) કર્મચારીને ફાળવેલ ઉચ્ચ કક્ષાના મકાનનું ધોરણસરનું ભાડું

(C) કર્મચારીને ફાળવેલ ઉચ્ચ કક્ષાના મકાનનું અધિકૃત ભોગવટાનું ભાડું

(D) કર્મચારીને ફાળવેલ ઉચ્ચકક્ષાના મકાનનું આર્થિક ભાડું

164. ભાડામુક્ત આવાસ મંજૂર કરવામાં આવેલ હોય અને ફાળવેલ હોય તેવા કર્મચારી નિયત શરતોને આધિન કયા સંજોગોમાં તેઓની ગેરહાજરી દરમ્યાન ભાડામુક્ત આવાસનો લાભ ચાલુ રાખી શકે ?

(A) પ્રથમ ચાર માસની રજા દરમ્યાન

(B) પ્રથમ 180 દિવસની રજાની મુદત દરમ્યાન

(C) પ્રથમ 90 દિવસની રજાની મુદત દરમ્યાન

(D) પ્રથમ 270 દિવસની રજાની મુદત દરમ્યાન

165. કયા સંજોગોમાં સરકારી કર્મચારી પાસેથી અધિકૃત ભોગવટા ભાડાના દર કરતાં ઉંચા દરે સરકાર ભાડું વસૂલ કરી શકે છે ?

(A) કર્મચારીને ફાળવવામાં આવેલ આવાસ વગર પરવાનગીએ પેટા ભાડે આપવામાં આવેલ હોય ત્યારે

(B) કર્મચારીની વિનંતીથી કર્મચારીને તેને મળવાપાત્ર રહેણાંકના આવાસની કક્ષા કરતાં ઉંચી કક્ષાનું આવાસ આપવામાં આવેલ હોય ત્યારે.

(C) ફરજ ઉપર ત્યારે જ્યાં રહેવું જરૂરી ન હોય અથવા તેમ કરવાની પરવાનગી આપી ન હોય ત્યાં આવાસની જાળવણી કરી હોય ત્યારે

(D) ઉપરના બધા સંજોગોમાં

166. સરકારી રહેણાંકના આવાસોનો ભોગવટો કરતા સરકારી કર્મચારીને પ્રતિનિયુક્તિ ઉપર મોકલવામાં આવે ત્યારે તેની પાસેથી આર્થિક દરે ક્યારે ભાડું વસૂલ કરવામાં આવે છે ?

(A) કેન્દ્ર સરકારમાં પ્રતિનિયુક્તિ પર હોય ત્યારે

(B) રાજ્ય કે કેન્દ્ર સરકારના સાહસો/લિમીટેડ કંપનીઓમાં પ્રતિનિયુક્તિ પર હોય ત્યારે

(C) કેન્દ્ર સરકાર હેઠળ રચાયેલ વૈદ્યાનિક સંસ્થાઓમાં પ્રતિનિયુક્તિ પર હોય ત્યારે

(D) ઉપરના બધાંજ સંજોગોમાં

167. કચેરી કાર્યપદ્ધતિ (બિનસચિવાલય) મુજબ કચેરીના વડા અધિકારીએ સંબંધિત ખાતાના વડાને કચેરીના કામના નિકાલ અને બાકી કામની તારીખ દર માસની કેટલી તારીખ સુધીમાં મોકલી આપવાની હોય છે ?

(A) પાંચમી

(B) સાતમી

(C) પંદરમી

(D) દસમી

168. નીચેના પૈકી કોને ભાડામુક્ત સરકારી આવાસ મળવાપાત્ર છે ?

(A) રેન્જ ફોરેસ્ટ ઓફિસર

(B) મેનેજર, રેસીડન્ટ કમિશ્નર, ન્યુ દિલ્હી

(C) તબીબી અધિકારી, વર્ગ-2, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

(D) ઉપરના બધાજ

169. માસના તૂટક સમય માટે કાયમી મુસાફરી ભથ્થાની ગણતરી કરવા અંગે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) જે તે માસના કુલ દિવસો ÷ મળવાપાત્ર કાયમી મુસાફરી ભથ્થાના દિવસો

(B) તૂટક સમયગાળા માટે એક દિવસના $\frac{1}{30}$ ના દરે

(C) માસના તૂટક સમયગાળાને ધ્યાનમાં લીધા સિવાય સંપૂર્ણ માસ માટે મળવા પાત્ર થાય

(D) માસના તૂટક સમયગાળા માટે મુસાફરી ભથ્થુ મળવાપાત્ર નથી

170. કર્મચારીના મુખ્ય મથકેની ગેરહાજરી છ કલાકથી વધુ ન થતી હોય તો કેટલા ટકા દૈનિક ભથ્થું મળવાપાત્ર છે ?

(A) 50%
(B) 40%
(C) 30%
(D) 100%

171. ખોટા મુસાફરી ભથ્થાં બીલની આકારણી સાબિત થાય તો શિસ્તની કાર્યવાહી કરવાની શું જોગવાઈ ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, 2002માં થયેલ છે ?

(A) કર્મચારીને હળવી શિક્ષા કરવાની થાય

(B) ખોટી રીતે આકારવામાં આવેલ રકમ વસૂલ કરવાની થાય

(C) ખોટી આકારવામાં આવેલ રકમ વ્યાજ-સહ વસૂલ કરવાની થાય

(D) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 હેઠળ નોકરીમાંથી દૂર કરવાની સામાન્યતઃ શિક્ષા કરવાની થાય

172. પ્રવાસ દરમ્યાન કર્મચારી પ્રાસંગિક રજા લે તો દૈનિક ભથ્થું મળવા અંગે શી જોગવાઈ છે ?

(A) દૈનિક ભથ્થું ન મળે
(B) પચાસ ટકા દૈનિક ભથ્થું મળે
(C) પૂરેપુરૂં દૈનિક ભથ્થું મળે
(D) 30 ટકા દૈનિક ભથ્થું મળે

173. મુસાફરી ભથ્થાના નિયમો હેઠળ દિવસ એટલે શું ?

(A) સવારના 6.00 કલાકથી સાંજના 6.00 કલાક સુધીનો સમયગાળો

(B) સવારના 6.00 કલાકથી શરૂ થઈ બીજા દિવસની સવારના 6.00 કલાકે પૂરો થતો સમયગાળો

(C) સવારના 6.00 કલાકથી શરૂ થઈ રાત્રિના 12.00 કલાકે પૂરો થતો સમયગાળો

(D) એક મધ્યરાત્રિથી શરૂ થઈ અને તેના પછીની બીજી મધ્યરાત્રિએ પૂરો થતો સમયગાળો

174. સરકારી કર્મચારી જે વર્ગમાં મુસાફરી કરવા હક્કદાર હોય તેના કરતાં નીચલા વર્ગમાં મુસાફરી કરે ત્યારે તેમને કયા વર્ગનું ભાડું મળી શકે ?

(A) જે વર્ગની સગવડતા મેળવવા હક્કદાર હોય તે વર્ગનું

(B) નીચલા વર્ગમાં કરેલ મુસાફરીનું ખરેખર ભાડું

(C) સક્ષમ અધિકારી મંજૂર કરે તે વર્ગનું

(D) (A) અને (B) પૈકી કર્મચારી જે ભાડું આકારવા માંગતા હોય તે ભાડું

175. કર્મચારીને પ્રથમ વખત વાહન ભથ્થું મંજૂર કરતી વખતે કર્મચારીએ ઓછામાં ઓછી કેટલા સમય માટે લોગબુક નિભાવવાની આવશ્યક્તા રહેશે ?

(A) ત્રણ માસ
(B) એક માસ
(C) બે માસ
(D) લોગબુક નિભાવવાની આવશ્યકતા નથી

176. સરકારી કર્મચારીને કાયમી મુસાફરી ભથ્થું મળવાપાત્ર હોય તેવી બે કે તેથી વધુ જગાનો કાયમી કે કાર્યકારી હેસિયતથી હવાલો સંભાળતા હોય તો તે કર્મચારીને કેટલું કાયમી મુસાફરી ભથ્થું મળે ?

(A) મૂળ જે જગ્યા ધારણ કરતા હોય તે જગ્યા પર મળવાપાત્ર કાયમી મુસાફરી ભથ્થું

(B) હવાલાની જગ્યા સહિત જે જગ્યા પર વધુ રકમમાં કાયમી મુસાફરી ભથ્થું હોય તે દરે

(C) સક્ષમ અધિકારીને આવશ્યક જણાય તેટલું પરંતુ આવી જગ્યાઓના તમામ કાયમી મુસાફરી ભથ્થાના કુલ સરવાળાથી તે વધવું જોઈએ નહીં તે દરે

(D) હવાલાની જગ્યા સહિત જે જગ્યા પર ઓછું હોય તે દરે કાયમી મુસાફરી ભથ્થું

177. એકજ વાહનમાં બે કે તેથી વધુ સરકારી કર્મચારીઓ ફરજ અંગે પ્રવાસ કરે ત્યારે રોડ માઈલેજ કેવી રીતે આકારી શકાય ?

(A) એકજ વાહનમાં પ્રવાસ કરતાં તમામ કર્મચારીઓને માઈલેજ ભથ્થું મળી શકે

(B) જે અધિકારીનું વાહન હોય કે ભાડે લીધેલ હોય તે અધિકારીને નિયમ-54 હેઠળ મળવાપાત્ર હોય તો રોડ માઈલેજ ભથ્થું મળી શકશે

(C) દરેક કર્મચારીને થયેલ ખર્ચના સપ્રમાણ ખર્ચ મુજબ રોડ માઈલેજ આપી શકાશે

(D) એકથી વધુ કર્મચારીએ પ્રવાસ કરેલ હોઈ, રોડ માઈલેજ મળી શકે નહીં

178. સરકારી પેન્શનરને સરકારી કામે નિવૃત્તી બાદ મુસાફરી કરવાની આવશ્યકતા ઉભી થાય ત્યારે કયો પગાર ધ્યાને લેવાય ?

(A) નિવૃત્તી તરત પહેલાં મળતો પગાર

(B) પગાર તથા પેન્શનની રકમના સરવાળા જેટલો

(C) નિવૃત્તીની તરત પહેલાં થયેલ છેલ્લો પગાર અથવા પગાર અને પેન્શનની રકમના સરવાળા જેટલો બેમાંથી જે વધુ હોય તે

(D) નિવૃત્તી બાદ પ્રવાસની તારીખે મળવાપાત્ર સંભવીત પગારના દરની પાત્રતા મુજબ

179. કાર્યવાહી ન કરવી પડે તેવા કાગળોમાં નીચેના પૈકી કયા કાગળોનો સમાવેશ થાય છે ?

(A) એકજ પ્રકારની કાર્યવાહી કરવાની હોય તેવા કાગળોનો

(B) જાણ સારૂં આવેલ કાગળોની નકલો નો

(C) જે બાબતમાં વિગતવા મુસદ્દા મૂકવાની જરૂર હોય તેવા કાગળોનો

(D) ઝીણવટભરી ચર્ચાવિચારણા માંગી લે તેવા કાગળોનો

180. દફતરના વર્ગીકરણ હેઠળની ફાઈલોની જાળવણીનો સમય કયા વર્ષ પ્રમાણે ગણતરીમાં લેવામાં આવે છે ?

(A) નાણાકીય વર્ષ

(B) ફાઈલ બંધ થયાની તારીખથી

(C) કેલેન્ડર વર્ષ

(D) ફાઈલમાં સમાવિષ્ટ છેલ્લા પત્રની તારીખથી

181. નીચેનામાંથી કયા પ્રસંગમાં "યાદી"નો ઉપયોગ કરી શકાય ?

(A) માહિતી અથવા નિયત પત્રકો વગેરે મંગાવવા

(B) લખાણનો પહોંચ સ્વીકાર

(C) કાર્યરીતિને લગતી સૂચના, ટીકા-ટીપ્પણ વગેરે મોકલવા

(D) ઉપરના (A), (B), (C) હેઠળના તમામ

182. કચેરીના સમય સિવાય અને રવિવારે તથા જાહેર રજાના દિવસે ટપાલ લેવાની વ્યવસ્થા ન હોય ત્યાં તાકિદના પત્રો ક્યાં સ્વીકારવાની વ્યવસ્થા કરવાની રહેશે ?

(A) કચેરીના વડાને ઘેર

(B) કચેરી ખુલતા ત્યારબાદ સ્વીકારવા

(C) આ કામ માટે નિયુક્ત કરેલા અધિકારીના ઘેર

(D) નિયંત્રણ અધિકારીના ઘેર

183. કોઈ એક ફાઈલ તારીખ 03-08-2007 ના રોજ બંધ કરવામાં આવે છે તો "ગ" વર્ગ પ્રમાણે તેને પાંચ વર્ષનો સમય ક્યારે પૂરો થયો ગણાય ?

(A) તા. 03-08-2012 ના રોજ
(B) તા. 01-01-2012 ના રોજ
(C) તા. 31-12-2012 ના રોજ
(D) તા. 01-01-2013 ના રોજ

184. નીચેનામાંથી જમીન સંપાદનને લગતી તમામ બાબતો માટે ફાઈલનો ત્રિવર્ણ શબ્દ કયો યોગ્ય છે ?

(A) જસપ
(B) જમન
(C) જસપા
(D) જમસ

185. સાધારણ રાજ્યપત્ર ક્યારે પ્રસિદ્ધ થાય છે ?

(A) દર સોમવારે
(B) દર ગુરૂવારે
(C) દર માસની પહેલી તારીખે
(D) દર માસની આખર તારીખે

186. એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી તરફથી આવતા ઑડિટ વાંધામાં ઘણી વખત એકથી વધુ વિષયોનો સમાવેશ કરેલ હોય છે. આવા કાગળો/પત્રો માટે શું કાર્યવાહી કચેરી નિયમ સંગ્રહ હેઠળ કરવાપાત્ર થાય છે ?

(A) આવા પત્રો દફતરે કરવા.

(B) વિષયવાર અલગ લખાણ કરવા જે તે કચેરીને પરત કરવા.

(C) દરેક વિષયને લગતો ઉતારો કે નકલ કરી સંબંધિત દફતર કારકુનને કાર્યવાહી માટે મોકલી આપવા.

(D) જે શાખાના વધુ વિષયોનો સમાવેશ થતો હોય તે શાખાને મોકલવા.

187. લોકોની ફરિયાદોના નિકાલ સંબંધે જો કોઈ ન્યાયિક તુલ્ય બાબત હોય અને સુનાવણી જરૂરી હોય તો સુનાવણી પછી નિર્ણય કેટલી સમય મર્યાદામાં જાહેર કરવાનો રહે ?

(A) એક પખવાડિયામાં
(B) તુરત જ જાહેર કરવાનો રહે
(C) ત્રીસ દિવસમાં
(D) કામકાજના પાંચ દિવસમાં

188. જ્યારે કાગળોને વર્ગીકરણ કરી દફતરખાને મોકલવામાં આવે ત્યારે ફાઈલમાં સમાવિષ્ટ કાગળો પર પાના નંબર કઈ રીતે અપાય છે ?

(A) જુના પાના નંબર ઉપર વર્તુળ કરી નવા પાના નંબર આપવામાં આવે છે.

(B) નવા પાના નંબર અલગ શાહીથી આપવામાં આવે છે.

(C) જુના પાના નંબર ઉપર છેકા મારી અલગ શાહીથી નવા પાના નંબર આપવામાં આવે છે.

(D) જુના પાના નંબર ઉપર છેકા મારી નવા પાના નંબર લખવામાં આવે છે.

189. કોઈપણ સરકારી કર્મચારી નીચે દર્શાવેલ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને કામે રાખી શકશે નહીં ?

(A) સોળ વર્ષ
(B) અઢાર વર્ષ
(C) ચૌદ વર્ષ
(D) પંદર વર્ષ

190. દરેક સરકારી કર્મચારીએ હંમેશા સંપૂર્ણ (1) પ્રમાણિક રહેવું (2) ફરજ પ્રત્યે નિષ્ઠા કેળવવી (3) સરકારી કર્મચારીને છાજે તેવું વર્તન કરવું, આ પ્રકારની જોગવાઈ ગુજરાત મુલકી સેવા (વર્તણૂંક) નિયમો, 1971 ના કયા નિયમમાં કરવામાં આપેલ છે ?

(A) નિયમ 3(1)
(B) નિયમ 3(2)
(C) નિયમ 3(ક)
(D) નિયમ 3(ખ)

191. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971 મુજબ સટ્ટો એટલે શું ?

(A) શેરની ખરીદી

(B) શેર, જામીનગીરીઓ અથવા બીજા રોકાણોની વારંવારની ખરીદી અથવા તેનું વેચાણ

(C) જામીનગીરીઓની ખરીદી

(D) રોકાણોની ખરીદી

192. સરકારી કર્મચારીની કઈ પ્રવૃત્તિને ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971 હેઠળ રાજકારણમાં ભાગ લેવા બાબત તરીકે ગણવાપાત્ર નથી ?

(A) રાજકીય ચળવળ અથવા પ્રવૃત્તિમાં ભાગ લેવો

(B) રાજકીય ચળવળ અથવા પ્રવૃત્તિમાં મદદ રૂપે ફાળો આપવો

(C) રાજકીય સંગઠનનું સભ્યપદ ગ્રહણ કરવું

(D) ચૂંટણીમાં મતદાન કરવાની પ્રવૃત્તિ

193. નીચેના પૈકી હડતાલમાં શાનો સમાવેશ થાય છે ?

(A) એસોશીયેસનની સામાન્ય સભામાં ભાગ લેવો.

(B) કામના સ્થળે કાયદેસર યોજવામાં આપેલ સમારંભમાં ભાગ લેવો.

(C) સરકારી કામ બંધ કરવાનો અથવા ઢીલમાં પડે તેવું વર્તન કરવાનો.

(D) કાળી પટ્ટી ધારણ કરી કામ કરવું.

194. સરકારી કર્મચારી સામાજિક અથવા સખાવતી પ્રકારની માનદ્ કામગીરી કરે છે. આ કિસ્સામાં નીચેના વિધાન પૈકી કયું વિધાન સાચું છે ?

(A) કર્મચારી જો માનદ વેતન મેળવતા ન હોય તો સરકારની અગાઉથી મંજૂરી મેળવવાની જરૂરી નથી.

(B) કર્મચારી માનદ વેતન મેળવતા હોય કે ન હોય તો પણ સરકારની અગાઉથી મંજૂરી મેળવવી જરૂરી છે.

(C) અંશકાલીન કર્મચારી તરીકે કામ કરી શકે નહીં.

(D) અંશકાલીન કર્મચારી તરીકે કામ કરી શકે.

195. રાજ્યપત્રિત અધિકારી દ્વારા સ્થાપર અને જંગમ મિલકત ધારણ કર્યાનું વાર્ષિક પત્રક વર્ષના કયા માસમાં રજૂ કરવાનું રહે છે ?

(A) એપ્રિલ

(B) જાન્યુઆરી

(C) માર્ચ

(D) મે

196. બિનરાજ્યપત્રિત કર્મચારીએ સ્થાવર જંગમ મિલકતનું પત્રક નીચેનામાંથી કઈ ઉંમરે ભરવું જોઈએ ?

(A) 21 વર્ષ

(B) 28 વર્ષ

(C) 48 વર્ષ

(D) 35 વર્ષ

197. સરકારી કર્મચારીને ઉપરી અધિકારી તરફથી મૌખિક સૂચનાઓ/હુકમો મળે ત્યારે તે કર્મચારીએ શું કરવું જોઈએ ?

(A) કર્મચારીએ આ અંગે ઉપરી અધિકારી સાથે ચર્ચા-વિચારણા કરવી.

(B) સૂચનાઓ લેખિત મેળવવી કે મૌખિક હુકમો/સૂચનાઓનું લેખિત સમર્થન બનતી ત્વરાએ મેળવવું.

(C) મૌખિક સૂચના આપનાર અધિકારી સિવાય અન્ય અધિકારીનું સમર્થન મેળવવું.

(D) મૌખિક સૂચનાનો/હુકમનો અમલ કરવાનો રહેતો નથી.

198. સરકારી કર્મચારીને ફોજદારી તહોમત હેઠળ કેટલા કલાકથી વધુ સમય માટે કસ્ટડીમાં અટકાયત હેઠળ રાખવામાં આવેલ હોય ત્યારે તેને ફરજ મોકૂફી હેઠળ મૂક્યો હોવાનું ગણવાપાત્ર છે ?

(A) 72 કલાક
(B) 48 કલાક
(C) 36 કલાક
(D) 24 કલાક

199. નીચેનામાંથી કઈ શિક્ષાનો નાની શિક્ષામાં સમાવેશ થાય છે ?

(A) ફરજિયાત નિવૃત્તી
(B) નોકરીમાંથી બરતરફ
(C) ઠપકો
(D) નોકરીમાંથી રૂખસદ

200. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 ના નિયમ-9 અથવા નિયમ-10 હેઠળ કર્મચારી સામે તપાસ હાથ ધરવાનું વિચારેલ હોય ત્યારે શિસ્ત અધિકારી પાસેથી નીચેના પૈકી કઈ કાર્યવાહી અપેક્ષિત છે ?

(A) ગેરવર્તણૂંક અથવા ગેરવર્તન અંગેના કોઈપણ ગુન્હાઈત કાર્ય અથવા કાર્યલોપ અંગેના આક્ષેપોના મુળભૂત ભાગને ચોક્કસ અને સ્પષ્ટ તહોમતનામાના મુદ્દાનું સ્વરૂપ આપવું.

(B) મૂકવામાં આવેલ આક્ષેપને/આક્ષેપોને સંક્ષિપ્તમાં સરકારી કર્મચારીને આપવા.

(C) સરકારી કર્મચારીને સૂચિત પુરાવાની જાણ કરવી.

(D) સરકારી કર્મચારીને સીધેસીધી સૂચિત શિક્ષાની જાણ કરવી.

201. આક્ષેપિત સરકારી કર્મચારી દ્વારા રજૂ કરવામાં આવેલ સાક્ષીઓની ઉલત તપાસ અને ફરતપાસ, તપાસ અધિકારી દ્વારા કરી શકાય ?

(A) ફક્ત ફેરતપાસ જ કરી શકે

(B) ફક્ત ઉલટ તપાસ જ કરી શકે

(C) હા, શિસ્ત અધિકારીના સાક્ષીઓને લાગુ પડતી જોગવાઈ અનુસાર

(D) ના, ન કરી શકાય

202. ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા માટે તપાસ અધિકારીની નિમણૂક કરવા કોણ સક્ષમ છે ?

(A) ખાતાના વડા
(B) શિસ્ત અધિકારી
(C) કચેરીના વડા
(D) રજૂઆત અધિકારી

203. સરકારી કર્મચારી આક્ષેપ પત્રકમાં દર્શાવેલ મુદતમાં લેખિત બચાવનામું આપે નહીં અથવા તપાસ અધિકારી સમક્ષ જાતે હાજર થાય નહીં તો તપાસ અધિકારી કયા પ્રકારની કાર્યવાહી કરી શકે ?

(A) તપાસ અધિકારી અનિશ્ચિત મુદત માટે તપાસ મુલતવી રાખે

(B) શિસ્તઅધિકારીની સલાહ મેળવીને આગળની કાર્યવાહી કરી શકે

(C) તપાસ અધિકારી એકપક્ષીય તપાસ હાથ ધરી શકે

(D) તપાસ અધિકારી આક્ષેપિત કર્મચારીના જવાબની મળવા સુધી તપાસ પડતર રાખશે

204. નીચેના પૈકી કઈ કાર્યવાહીની બાબત શિક્ષા તરીકે ગણવામાં આવશે ?

(A) ઠપકો

(B) ખાતાકીય પરીક્ષા પાસ ન કરતા ઈજાફા અટકાવવા

(C) સરકારી કર્મચારી લાયકીઆડ ઓળંગવા યોગ્ય ન જણાય તો લાયકીઆડ પર પગાર રોકવો

(D) કેવલ વહીવટી કારણોસર હંગામી સરકારી કર્મચારીની સેવાની સમાપ્તિ

205. શિસ્તભંગની કાર્યવાહી હુકમ સામે અપીલ દાખલ કરવાની સમયમર્યાદા ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 હેઠળ કેટલા સમયની નિયત કરવામાં આવેલ છે ?

(A) 30 દિવસ
(B) 60 દિવસ
(C) 45 દિવસ
(D) 90 દિવસ

206. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 હેઠળ ફરજમોકૂફી હેઠળના કર્મચારીની પ્રથમ સમીક્ષા કેટલી મુદત પૂરી થાય તે પહેલાં કરવી જરૂરી છે ?

(A) 180 દિવસ
(B) 90 દિવસ
(C) 240 દિવસ
(D) 360 દિવસ

207. તહોમતદાર સરકારી કર્મચારી પોતાના બચાવ માટે વકીલ રોકવાની પરવાનગી માંગે છે. આ નિર્ણય કયા સત્તાધિકારી દ્વારા કરવાનો રહે ?

(A) તપાસ અધિકારી
(B) શિસ્ત અધિકારી
(C) ખાતાના વડા
(D) કાયદા વિભાગ

208. સામાન્ય સંજોગોમાં સરકારી આવકનો, ખર્ચ માટે સીધે સીધો ઉપયોગ થઈ શકે કે કેમ ?

(A) ના
(B) હા
(C) ખાતાના વડાની મંજૂરીથી થઈ શકે
(D) કચેરીના વડાની મંજૂરીથી થઈ શકે

209. સરકાર વતી/સરકારના દરેક કરાર વખતે એક પક્ષકાર તરીકે નીચે જણાવેલ પૈકી કોને રાખવામાં આવે છે ?

(A) કરાર કરનાર કચેરીના ખાતાના વડા
(B) નાણાં મંત્રી
(C) મુખ્યમંત્રી
(D) રાજ્યપાલ

210. રાજ્યપત્રિત અધિકારીના હવાલાની ફેરબદલી માટે ગુજરાત નાણાકીય નિયમો હેઠળ કયા નંબરના ફોર્મનો ઉપયોગ કરવાનો રહે છે ?

(A) ફોર્મ નંબર - 4
(B) ફોર્મ નંબર - 5
(C) ફોર્મ નંબર - 6
(D) ફોર્મ નંબર - 3

211. અતિ ચૂકવણી માટે કોણ જવાબદાર છે ?

(A) બિલ ચૂકવનાર
(B) બિલ આકારનાર
(C) નાણાં મેળવનાર
(D) કેશિયર

212. સરકાર દ્વારા કોઈ સંસ્થાને મંજૂર કરવામાં આવતી લોનની અપવાદ રૂપ કિસ્સામાં મહતમ સમય મર્યાદા શું છે ?

(A) 30 વર્ષ
(B) 20 વર્ષ
(C) 40 વર્ષ
(D) 10 વર્ષ

213. સત્તા ધરાવતા અધિકારીએ સરકાર વતી કરાર કરતી વખતે નીચેનામાંની કઈ બાબતો ધ્યાને રાખવાની રહે છે ?

(1) કરારની મુદત ચોક્કસ અને સ્પષ્ટ હોવી જોઈએ.

(2) સરકારી મિલકતના ઉપયોગ બદલ ભાડું તથા સલામતીની જોગવાઈ હોવી જોઈએ.

(3) ખર્ચ ઉપરાંત નફાના કરાર કરવા જોઈએ નહી.

(4) લાંબાગાળાના કરારમાં કરાર રદ કરવાની બિનશરતી જોગવાઈ હોવી જોઈએ.

(A) (1), (2), (3), (4)
(B) (1), (4)
(C) (1), (2)
(D) (1), (3)

214. અંગત જામીનગીરી બોન્ડમાં જામીન તરીકે રહેલ વ્યક્તિની હયાતી તેમજ દારપણાની ચકાસણી ગુજરાત નાણાકીય નિયમો 1971 અન્વયે કેટલા સમયે કરાવવાની હોય છે ?

(A) દર છ માસે
(B) દર વર્ષે
(C) દર બે વર્ષે
(D) દર ત્રણ વર્ષે

215. સરકારની લેણી નીકળતી રકમ વસૂલ થઈ શકે તેમ ન હોય તો ગુજરાત નાણાકીય નિયમોના નિયમ 32 અન્વયે શું કાર્યવાહી કરવાપાત્ર છે ?

(A) હિસાબ રાખતા અધિકાર માંડવાળ કરી શકે છે
(B) કચેરીના વડા આવી રકમ માંડવાળ કરી શકે
(C) માંડવાળ કરવા સક્ષમ અધિકારીના આદેશો મેળવવાના રહેશે
(D) ખાતાના વડા આવી રકમ માંડવાળ કરી શકે

216. સામાન્ય સંજોગોમાં કયું ટેન્ડર સ્વીકારવું જોઈએ ?

(A) વ્યાજબી ભાવવાળું ટેન્ડર
(B) સૌથી ઓછા ભાવવાળું ટેન્ડર
(C) સૌથી વધુ ભાવવાળું ટેન્ડર
(D) સરેરાશ ભાવવાળું ટેન્ડર

217. ઉપયોગીતા કાળ વટાવી ગયેલા વાહનોને નિયત શરતોને આધિન માંડવાળ કરવા માટે વહીવટી વિભાગને આપવામાં આવેલ સત્તાની નાણાકીય મર્યાદા કઈ છે?

(A) રૂપિયા દસ લાખ
(B) રૂપિયા પાંચ લાખ
(C) સંપૂર્ણ સત્તા
(D) રૂપિયા પંદર લાખ

218. લોન પર વ્યાજનો દર નાણાકીય સત્તા સોંપણીના નિયમો, 1998 હેઠળ શું છે ?

(A) બાર ટકા
(B) અઢાર ટકા
(C) પંદર ટકા
(D) નાણા વિભાગની પૂર્વ સંમતિથી નિયત કરેલ ટકા

219. સહાયકી, સહાયક અનુદાન મંજૂર કર્યા બાદ તેમાંથી કરેલ ખર્ચના હિસાબોનું ઓડિટ કરેલું પત્રક ક્યારે રજૂ કરવાનું હોય છે ?

(A) ચૂકવણી જે વર્ષમાં કરવામાં આવી હોય તે વર્ષ પૂર્ણ થયા બાદ છ માસમાં
(B) ચૂકવણી જે વર્ષમાં કરવામાં આવી હોય તે વર્ષ પૂર્ણ થયા બાદ બાર માસમાં
(C) ચૂકવણી જે માસમાં કરવામાં આવી હોય ત્યારપછીના બાર માસમાં
(D) ચૂકવણી જે માસમાં કરવામાં આવી હોય ત્યારપછીના છ માસમાં

220. મ્યુનિસિપલ કર ચૂકવવા અંગેના ખર્ચ માટે કચેરીના વડાને આપવામાં આવેલી સત્તાની નાણાંકીય મર્યાદા કઈ છે ?

(A) વાર્ષિક રૂપિયા 10,000/- ની મર્યાદામાં
(B) વાર્ષિક રૂપિયા 50,000/- ની મર્યાદામાં
(C) સંપૂર્ણ સત્તા
(D) વાર્ષિક રૂપિયા 5,000/- ની મર્યાદામાં

221. ખાસ હેતુસર સહાયકી વગેરેની ચૂકવણી કરવામાં આવી હોય તેવા કિસ્સામાં હિસાબના ઓડિટ કરેલા પત્રકો અને ઉપયોગીતાના પ્રમાણપત્ર ક્યારે રજૂ કરવાના રહે છે ?

(A) સહાયકી મળ્યાની તારીખથી બાર મહિનાની મુદતની અંદર
(B) સહાયકી મળ્યાની તારીખથી છ મહિનાની મુદતની અંદર
(C) સહાયકી મળ્યાના નાણાંકીય વર્ષ પછીના છ મહિનામાં
(D) સહાયકી મળ્યાના નાણાંકીય વર્ષ પછીના બાર મહિનામાં

222. વ્યક્તિગત કેસમાં યોગ્ય અને પૂરતા કારણોસર વહીવટી વિભાગના આંતરિક નાણા સલાહકારની સલાહ વિરૂદ્ધ નિર્ણય લેવાની સત્તા કોને છે ?

(A) મુખ્ય સચિવ
(B) નાણા સચિવ
(C) વહીવટી વિભાગના સચિવ
(D) સંબંધિત વિભાગના મંત્રી

223. નાણાકીય સત્તા સોંપણી નિયમો, 1998 હેઠળ નિયત કરેલ શરતોને આધિન જાહેર ખબરના ખર્ચ ચૂકવવા માટે ખાતાના વડાને આપવામાં આવેલ સત્તાની નાણાકીય મર્યાદા કઈ છે ?

(A) વાર્ષિક રૂપિયા એક લાખ
(B) વાર્ષિક રૂપિયા પાંચ લાખ
(C) માસિક રૂપિયા વીસ હજાર
(D) સંપૂર્ણ સત્તા

224. આકસ્મિક ખર્ચ કેટલી જાતના હોય છે ?

(A) બે
(B) ચાર
(C) પાંચ
(D) નિયત થયેલ નથી

225. ઉચ્ચક બિલના વિગતવાર બિલમાં કોની પ્રતિસહી કરાવવી જરૂરી છે ?

(A) ખાતાના વડા
(B) ઓડિટ અધિકારી
(C) તિજોરી અધિકારી
(D) નિયંત્રણ અધિકારી

226. બિન ઉપયોગી વસ્તુ રદ કરવા (લખી વાળવા) માટે કોણ સક્ષમ અધિકારી ગણાય ?

(A) કચેરીના વડા
(B) જે તે વસ્તુ ખરીદવાની સત્તા ધરાવતા અધિકારી
(C) ખાતાના વડા
(D) નિયંત્રણ અધિકારી

227. ખાતાના વડાની કચેરી માટે કાયમી પેશગી મંજૂર કરવાની સત્તા કોને છે ?

(A) ઓડિટ કચેરી
(B) નાણા વિભાગ
(C) સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગ
(D) સામાન્ય વહિવટ વિભાગ

228. નીચેનામાંતી કયો ખર્ચ આકસ્મિક ખર્ચ ગણાય ?

(A) રજા પ્રવાસ રાહત
(B) મુસાફરી ભથ્થું
(C) પગાર
(D) ગરમીની મોસમ અંગેનો કર્મચારી વર્ગ

229. ગુપ્ત સેવા પાછળ થતા ખર્ચના વાઉચર કેવી રીતે મેળવવામાં આવે છે ?

(A) આ અંગે કરેલ ખર્ચના બિલોને વાઉચરોના આધારની જરૂર રહેતી નથી
(B) નાણા ચુકવ્યાનું પ્રમાણપત્ર આપી વાઉચર બનાવાય છે
(C) ખરેખર ખર્ચ અંગે વાઉચર તૈયાર થાય છે
(D) આ અંગે કરેલ ખર્ચના બિલોના વાઉચર બાતમીદારોની પાવતી મેળવી બનાવાય છે

230. ઓડિટ માટે જ્યારે વિવેકાધીન ગ્રાંટના ખર્ચના વાઉચરો અપવાદરૂપ કિસ્સામાં ઉપલબ્ધ ન થાય ત્યારે મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમો હેઠળ કરવાપાત્ર કાર્યવાહી શું છે ?

(A) વાઉચર ન મળે ત્યાં સુધી ઓડિટ મુલતવી રાખવું
(B) જવાબદાર પાસેથી નાણા મેળવવા
(C) નાણાં ખર્ચાયેલ છે અને લેનારને નાણા ખરેખર ચૂકવી આપેલ છે તેવું પ્રમાણપત્ર મેળવવું
(D) ડુપ્લીકેટ વાઉચર બનાવવા

231. દરેક કચેરીમાં વહીવટમાં જરૂરી બનતા સમાન પ્રકારના ખર્ચને મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમો હેઠળ કાય પ્રકારનો ખર્ચ ગણવામાં આવે છે ?

(A) મુકરર દર વાળો આકસ્મિક ખર્ચ
(B) આનુષાંગિક આકસ્મિક ખર્ચ
(C) પૂરવઠો અને સેવાઓ
(D) અન્ય ખર્ચ

232. ચૂકવણી થયેલ પેટા વાઉચર્સ કેટલા વર્ષ સુધી સાચવી રાખવાની જોગવાઈ છે ?

(A) ત્રણ વર્ષ
(B) પાંચ વર્ષ
(C) એક વર્ષ
(D) છ મહિના

233. નીચેનામાંથી કયુ વિધાન ખોટું છે ?

(A) આકસ્મિક ખર્ચના બિલો ઓડિટને પાત્ર છે
(B) વિવેકાધિન ગ્રાન્ટમાંથી કરેલ ખર્ચના બિલો ઓડિટને આધિન છે
(C) વિવેકાધિન ગ્રાન્ટમાંથી નિર્ધારિત હેતુ માટે જ ખર્ચ કરી શકાય
(D) વિવેકાધિન ગ્રાન્ટ હિસાબ અને તિજોરી નિયામક હસ્તક મૂકવામાં આવે છે

234. મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમો હેઠળ કચેરીના વડા દ્વારા સિલકી સામાન (ડેડસ્ટોક) ની ભૌતિક ચકાસણી અંગેનું પ્રમાણપત્ર કયા માસમાં ખાતાના વડાને મોકલવાનું હોય છે ?

(A) જાન્યુઆરી માસમાં
(B) જુન માસમાં
(C) એપ્રિલ માસમાં
(D) સપ્ટેમ્બર માસમાં

235. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 મુજબ સત્તામંડળને –

(1) દિવાની કાર્યરીતિ અધિનિયમ, 1908 હેઠળ દિવાની કોર્ટમાં નિહિત થયેલ સત્તા રહેશે.

(2) સોગંદનામા પર પુરાવો મેળવવાની સત્તા રહેશે.

(3) કોઈપણ જાહેર રેકર્ડ મંગાવવાની સત્તા રહેશે.

(A) વિધાન (1) અને (2) સાચાં છે
(B) વિધાન (1) અને (3) સાચાં છે
(C) વિધાન (2) અને (3) સાચાં છે
(D) વિધાન (1), (2) અને (3) સાચાં છે

236. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 અંતર્ગત ફરિયાદનું નિવારણ ન થયા અંગેની વિગતો ફરિયાદ નિવારણ અધિકારીએ કોને મોકલવાની હોય છે ?

(A) મુકરર અધિકારીને
(B) મુકરર સત્તાધિકારીને
(C) કચેરીના વડાને
(D) ખાતાના વડાને

237. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર) અધિનિયમ, 2013 હેઠળ કચેરીમાં કેટલા અધિકારીઓને મુકરર સત્તાધિકારી તરીકે મુકરર કરવાના હોય છે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) જરૂર હોય તેટલા

238. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 મુજબ ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણયની જાણ થયાના કેટલા દિવસની અંદર મુકરર સત્તાધિકારીને અપીલ કરવાની હોય છે ?

(A) પંદર
(B) સાત
(C) ત્રીસ
(D) પિસ્તાલીસ

239. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 મુજબ રાજ્ય અપીલ સત્તામંડળમાં વધુમાં વધુ કેટલા સભ્યો હોય છે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

240. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 હેઠળ રાજ્ય અપીલ સત્તામંડળને નીચેની કઈ બાબતમાં દિવાની કાર્યરીતિ અધિનિયમ, 1908 મુજબ દિવાની કોર્ટમાં નીહિત થયેલ હોય તેવી સત્તા રહેશે.

(1) સોગંદનામાં પર પુરાવો મેળવવાની
(2) કોઈપણ જાહેર રેકર્ડ મંગાવવાની
(3) કોઈપણ વ્યક્તિને બોલાવવાની
(4) સાક્ષીઓ તપાસવા માટે કમિશનો કાઢવાની

(A) (1), (2), (3)
(B) (1), (3), (4)
(C) (1), (2), (3), (4)
(D) (2), (3), (4)

241. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 મુજબ કોઈપણ અપીલ કાર્યવાહીઓમાં, ફરિયાદનું નિવારણ ન થયું હોય તે બાબત સાબિત કરવાની જવાબદારી કોની રહેશે ?

(A) ફરિયાદ નિવારણ અધિકારી
(B) મુકરર અધિકારી
(C) કચેરીના વડાની
(D) ફરિયાદ નિવારણ અધિકારી અને મુકરર અધિકારી બંનેની

242. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 અનુસાર રાજ્ય અપીલ સત્તામંડળને એવું જણાય કે જાહેર સેવામંડળના જે જવાબદાર અધિકારી સામે ફરિયાદ કરવામાં આવી છે તેનું કૃત્ય, પ્રથદર્શનીય રીતે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 મુજબનું ભ્રષ્ટ કૃત્ય અથવા આચરણ હોવાનું સૂચિત થાય તો તેના તારણોની નોંધ કોને મોકલવાની હોય છે ?

(A) કચેરીના વડાને
(B) ખાતાના વડાને
(C) સરકારના સંબંધિત વિભાગને
(D) સમુચિત સત્તામંડળને

243. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 મુજબ રાજ્ય અપીલ સત્તામંડળ બદઈરાદાપૂર્વક કૃત્ય કરવા માટે જવાબદાર મુકરર અધિકારીને વધુમાં વધુ કેટલી રકમનો દંડ કરી શકે છે ?

(A) રૂપિયા 2,000/-
(B) રૂપિયા 10,000/-
(C) રૂપિયા 5,000/-
(D) રૂપિયા 25,000/-

244. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 મુજબ રાજ્ય સરકારના સંબંધિત વિભાગ દ્વારા કલમ-4 હેઠળ જાહેર કરેલ સેવાઓના સંદર્ભમાં કેટલી સમયમર્યાદામાં સેવાઓ પૂરી પાડવાની રહેશે ?

(A) અરજી મળ્યેથી પંદર દિવસમાં
(B) અરજી મળ્યેથી ત્રીસ દિવસમાં
(C) અરજી મળ્યેથી નિયત કરેલ સમયમર્યાદામાં
(D) અરજી મળ્યેથી પિસ્તાલીસ દિવસમાં

245. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 હેઠળ કોના નિર્ણયથી નારાજ થઈ જે તે વ્યક્તિ રાજ્ય અપીલ સત્તામંડળને અરજી કરી શકે છે ?

(A) મુકરર અધિકારી
(B) મુકરર સત્તાધિકારી
(C) ફરિયાદ નિવારણ અધિકારી
(D) ઉપરના (A) તથા (B) બંને

246. ભારત સરકાર દ્વારા નેશનલ ફાઈબર નેટવર્ક અંતર્ગત ભારતની બધી જ ગ્રામપંચાયતોને કેટલા એમબીપીએસ બ્રોડબેન્ડ જોડાણ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે ?

(A) 75

(B) 50

(C) 100

(D) 150

247. "ડિજીટલ ઈન્ડિયા" અંતર્ગત નીચેની કઈ બાબતનો સમાવેશ થાય છે ?

(A) ગ્રામ પંચાયતોને હાઈસ્પીડ ઈન્ટરનેટ સુવિધા આપવી

(B) સ્થાનિક વિસ્તારમાં કોમન સર્વીસ સેન્ટરની સુવિધા આપવી

(C) વ્યાજબી સમયમાં સરકારી સેવા ઓનલાઈન પૂરી પાડવી

(D) ઉપરના ત્રણેય (A), (B), (C)

248. "સ્કીલ ઈન્ડિયા" માં નીચેની કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(1) ગ્રામીણ યુવાનોને રોજગારી આપવા માટેની દિનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનાને ઉન્નત બનાવવી

(2) નેશનલ સ્કીલ મીશન બનાવવું

(3) પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી કાર્યક્રમ હેઠળ આપવામાં આવતી શૈક્ષણિક લોન તથા સ્કોલરશીપના વહીવટ અને નિયંત્રણ માટે સ્ટુડન્ટ ફાઈનાન્સીયલ એઈડ ઓથોરીટી બનાવવી

(A) (1) અને (2)

(B) (1) અને (3)

(C) (1), (2) અને (3)

(D) (2) અને (3)

249. "સ્વાવલંબન સ્કીમ" કોને સંબંધિત છે ?

(A) શિક્ષણ

(B) સ્વરોજગારી

(C) નાના ઉદ્યોગો

(D) અસંગઠિત ક્ષેત્રોના કામદારોની પેન્શન યોજના

250. "મેક ઈન ઈન્ડિયા" પ્રોગ્રામની શરૂઆત ક્યારે કરવામાં આવી હતી ?

(A) સપ્ટેમ્બર, 2014

(B) એપ્રિલ, 2014

(C) જુન, 2014

(D) ઓગષ્ટ, 2014

251. બેન્કીંગ એન્ડ ફાયનાન્સ-પ્રાઈવેટ સેક્ટર માટે વિદેશી પ્રત્યક્ષ મૂડી રોકાણ (Foreign Direct Investment) માટે શી જોગવાઈ છે ?

(A) સીધેસીધું 49% સુધી અને સરકાર મારફત 49% થી વધુ અને 60% સુધી

(B) સીધેસીધું 49% સુધી અને સરકાર મારફત 49% થી વધુ અને 74% સુધી

(C) સીધેસીધું 49% સુધી અને સરકાર મારફત 49% થી વધુ અને 65% સુધી

(D) સીધેસીધું 49% સુધી અને સરકાર મારફત 49% થી વધુ અને 70% સુધી

252. શ્રમિકો માટે ભારત સરકારે પંડિત દિનદયાલ ઉપાધ્યાય શ્રમ એવ જયતે કાર્યક્રમ હેઠળ કેટલી યોજનાઓ શરૂ કરેલ છે ?

(A) ત્રણ

(B) ચાર

(C) બે

(D) પાંચ

253. ડિજીટલ ઈન્ડિયા પ્રોગ્રામના સંકલનની કામગીરી ભારત સરકારનો કયો વિભાગ/મંત્રાલય સંભાળે છે ?

(A) ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી

(B) ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનીક્સ એન્ડ ઈન્ફરમેશન ટેકનોલોજી

(C) ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ

(D) યોજના મંત્રાલય

254. ભારત સરકાર દ્વારા વર્ષ 2015 માં શરૂ કરવામાં આવેલ અટલ મીશન ફોર રીઝુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT) યોજના હેઠળ શહેરીજનોને કઈ સુવિધા આપવાનું પ્રાવધાન છે ?

(A) પાણી પુરવઠો પૂરો પાડવો
(B) ગટર વ્યવસ્થા કરવી
(C) શહેરી પરિવહનની સુવિધા પૂરી પાડવી
(D) ઉપરનાં બધાંજ

255. ડિજીટલ ઇન્ડિયા અંતર્ગત "સ્ફૂર્તિ એપ" (SFOORTI App) કોના દ્વારા શરૂ કરવામાં આવેલ છે ?

(A) રેલ્વે દ્વારા
(B) પોસ્ટ ખાતા દ્વારા
(C) બી.એસ.એન.એલ. દ્વારા
(D) સંરક્ષણ મંત્રાલય દ્વારા

256. જાહેર વહીવટમાં નીચેની કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) સાતત્ય જાળવે છે.
(B) નાણાનો દુર્વ્યય થવાની સંભાવના
(C) ચુસ્ત નિયમો છે.
(D) ઢીલાશ - આપમેળે કામ કરવાની વૃત્તિનો અભાવ

257. જાહેર વહીવટમાં નીચેના પૈકી કઈ શાખાનો સમાવેશ થાય છે ?

(A) ધારાસભા
(B) કારોબારી
(C) ન્યાયતંત્ર
(D) ઉપરના ત્રણેય

258. જાહેર વહીવટનું શાસ્ત્ર વ્યાપક દૃષ્ટિએ કયા પ્રકારનું શાસ્ત્ર ગણી શકાય ?

(A) ભૌતિક શાસ્ત્ર
(B) આર્થિક
(C) સમાજશાસ્ત્ર
(D) વહીવટીય

259. જાહેર વહીવટકારો માટે સૌથી વધુ મહત્ત્વના આદેશ કોના હોય છે ?

(A) સમાજના
(B) પ્રજાની ઇચ્છાના
(C) રાજનેતાના
(D) કાયદાના

260. જાહેર વહીવટમાં સંકલનથી નીચેના પૈકી કઈ જરૂરિયાતો સંતોષાય છે ?

(1) કાર્યોનું બેવડાપણું દૂર થાય છે.
(2) કર્માચારીઓમાં જૂથભાવના કેળવાય છે.
(3) વહીવટની એક જ જરૂરિયાત માટે વધુ પડતો ભાર રોકાય છે.
(4) વિવિધ એકમો વચ્ચે સત્તાની ખેંચ નિવારી શકાય છે.

(A) (1) અને (2)
(B) (1), (2) અને (3)
(C) (1) થી (4)
(D) (2) થી (4)

261. જાહેર વહીવટમાં સત્તા સોંપણીનો હેતુ :

(1) સર્વોચ્ચ અધિકારીના કાર્યભારમાં ઘટાડો કરવો.
(2) વિલંબ નિવારવો
(3) ગૌણ કર્મચારી પર અસરકારક નિયંત્રણ
(4) ગૌણ કર્મચારીઓને કાર્યસંતોષ

(A) (1), (2)
(B) (1), (2), (3)
(C) (1), (2), (3), (4)
(D) (1), (3), (4)

262. સરકારી વહીવટીતંત્રમાં નિરીક્ષણની જરૂરિયાત સ્વીકારાયેલી છે. નિરીક્ષણ માટે નીચેની કઈ પદ્ધતિઓનો સમાવેશ થાય છે :

(1) અંદાજપત્ર દ્વારા

(2) કામગીરીના ધોરણો નક્કી કરીને

(3) કર્મચારી સંચાલનની પદ્ધતિ

(4) પરિણામોની તપાસ દ્વારા

(A) (1), (3), (4)
(B) (1), (2), (3)
(C) (2), (3), (4)
(D) (1), (2), (3), (4)

263. જાહેર વહીવટમાં બાહ્ય અંકુશમાં નીચેના પૈકી શાનો સમાવેશ થતો નથી ?

(A) વહીવટી ઓડિટ
(B) સંસદ / ધારાકીય અંકુશ
(C) તકેદારી આયોગ
(D) લાંચરૂશ્વત વિરોધી બ્યુરો

264. વહીવટી સુધારણાની અગત્યતા શામાં રહેલી છે ?

(1) લોકો કેન્દ્ર સ્થાને

(2) નવા પ્રશ્નો નવી યોજનાઓ

(3) સામાજિક, આર્થિક બદલાવ

(4) બદલાતી લોક જરૂરિયાતો

(A) (2), (3), (4)
(B) (1), (3), (4)
(C) (1), (2), (3), (4)
(D) (1), (2), (3)

265. વહીવટી સુધારણાના પ્રારંભના પરિબળો નીચેના પૈકી કયા હોઈ શકે છે ?

(1) રાજકીય પદ્ધતિમાંથી

(2) ખાસ સમિતિઓની ભલામણોમાંથી

(3) છાપાંઓના પ્રતિભાવો

(4) અધિકારીઓના વર્ષોના અનુભવો પરથી

(A) (2), (3), (4)
(B) (1), (3), (4)
(C) (1), (2), (3)
(D) (1), (2), (3), (4)

266. ગુજરાત સરકારે વહીવટી સુધારણા માટે -

(1) શ્રી યશોધર મહેતાના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિની રચના કરેલ હતી.

(2) કાયમી ધોરણે સચિવાલયમાં વહીવટી સુધારણા તાલીમ પ્રભાગની રચના કરેલ છે.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

267. અરજીઓના ઝડપી નિકાલ માટે અને વહીવટને લોકાભિમુખ બનાવવાના આશયથી એકબારી પદ્ધતિનો અમલ સૌપ્રથમ કયા જિલ્લામાં ચાલુ કરવામાં આવેલ હતો ?

(A) અમદાવાદ
(B) વડોદરા
(C) રાજકોટ
(D) સુરત

268. ભારત સરકાર દ્વારા જાહેર વહીવટી સેવાઓની સુધારણા માટે સૌપ્રથમ કયા વર્ષમાં વહીવટી સુધારણા આયોગની રચના કરવામાં આવેલ હતી ?

(A) 1966
(B) 1970
(C) 1972
(D) 1965

269. ભારત સરકાર દ્વારા વર્ષ 2005 માં નિમાયેલ બીજા વહીવટી સુધારણા આયોગને વહીવટી સુધારણા માટેની સોંપાયેલ બાબતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થયેલ નથી ?

(A) ભારત સરકારનું સંસ્થાકીય માળખું (Organisational Structure)

(B) નાણાંકીય સંચાલન પદ્ધતિઓને સુગ્રથિત કરવી

(C) વિદેશી બાબતોનું સંચાલન / વહીવટ

(D) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ / પંચાયતી રાજ

270. જાહેર વહીવટમાં સંકલનની સફળતાનો આધાર નીચેની કઈ બાબતો ઉપર રહેલો છે ?

(1) વહીવટીતંત્રમાં સતત ગતીશિલતા

(2) માહિતી અને સંદેશાવ્યવહારની કાર્યક્ષમતા

(3) સુરેખ આયોજન અને નીતિની સ્પષ્ટતા

(4) ખાતાના વડાએ કર્મચારીઓ, તેના મંડળો તથા જુદા જુદા એકમો સાથે પ્રત્યક્ષ તથા અંગત સંબંધ રાખવાથી.

(A) (1), (3), (4) (B) (1), (2), (3), (4)

(C) (1), (2), (4) (D) (2), (3), (4)

271. જાહેર વહીવટમાં તાલીમની અગત્યતા રહેલી છે, જે -

(1) કર્મચારીઓની કાર્યક્ષમતામાં સુધારો લાવે છે.

(2) સેવા અને ઉત્પાદનની ગુણવત્તામાં સુધારો લાવે છે.

(3) નિરીક્ષણમાં ઘટાડો કરે છે.

(4) ફરજપાલનમાં સાતત્યતા જળવાય છે.

(A) (1), (2), (4) (B) (1), (2), (3)

(C) (2), (3), (4) (D) (1), (2), (3), (4)

272. જાહેર વહીવટમાં તાલીમની અગત્યતા જરૂરિયાત માટે નીચેના પૈકી કયા પરિબળો રહેલા છે ?

(1) ટેકનોલોજીનો સતત વિકાસ

(2) લોકોની વધતી જતી અપેક્ષાઓની આપૂર્તિ માટે

(3) પ્રોત્સાહકતામાં વધારો

(4) ઉત્પાદનમાં ગુણવત્તા, ઝડપ અને ચોકસાઈ

(A) (1), (2), (3) (B) (1), (3), (4)

(C) (1), (2), (3), (4) (D) (2), (3), (4)

273. ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય તાલીમ નીતિ (National Training Policy) કયા વર્ષમાં જાહેર કરવામાં આવેલ હતી ?

(A) 2009 (B) 2010

(C) 2011 (D) 2012

274. ગુજરાત સરકાર દ્વારા રાજ્ય તાલીમ નીતિ કયા વર્ષમાં જાહેર થયેલ હતી ?

(A) 2003 (B) 2000

(C) 2001 (D) 2002

275. ગુજરાત સરકારની તાલીમ નીતિ અંતર્ગત મુલકી સેવા માટેની તાલમમાં કયા વિષયો / મુદ્દાઓ અંગે ધ્યાન રાખવાની જોગવાઈ થયેલી છે ?

(1) પ્રતિભાવ (Responsiveness)

(2) પ્રતિબદ્ધતા (Commitment)

(3) જવાબદારી (Accountability)

(4) જાગરૂકતા (Awareness)

(A) (1), (2), (3)
(B) (1), (2), (4)
(C) (1), (2), (3), (4)
(D) (2), (3), (4)

276. ગુજરાત સરકારની ખરીદ નીતિ હેઠળ ખરીદ કરવાની ચીજવસ્તુઓ ભારતમાં ઉત્પાદિત થતી ન હોય અને વિદેશથી ખરીદ કરવી જરૂરી હોય તો તેવા ખાસ કિસ્સામાં કોનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે ?

(A) ઉદ્યોગ અને ખાણ વિભાગના સચિવનું
(B) નાણા વિભાગના સચિવનું
(C) મુખ્ય સચિવનું
(D) સંબંધિત વિભાગના સચિવનું

277. જે એકમોને ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા માટે ટેન્ડર ફીમાંથી મુક્તિ મળેલ છે તે એકમો સિવાયના ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેનાર એકમો માટે ટેન્ડરની કુલ અંદાજીત રકમ રૂપિયા 25 લાખ સુધી હોય તો કેટલી ટેન્ડર ફી ભરવી પડશે ?

(A) રૂપિયા 1500/-
(B) રૂપિયા 2000/-
(C) રૂપિયા 2500/-
(D) રૂપિયા 3000/-

278. રાજ્ય સરકારની ખરીદ નીતિ મુજબ ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ભરવામાંથી મુક્તિ મેળવતા હોય તેવા એકમો અથવા સંસ્થાને રૂપિયા પાંચ લાખથી વધુની ખરીદી માટે કેટલા ટકા સિક્યોરીટી ડિપોઝીટ ભરવાની રહેશે ?

(A) 1%
(B) 2%
(C) 3%
(D) 5%

279. રાજ્ય સરકારની ખરીદ નીતિ હેઠળ અતિ નાના (સૂક્ષ્મ), કુટીર અને લઘુ એકમોને રાજ્યના મધ્યમ તથા મોટા એકમો સામે કેટલા ટકા ભાવ પસંદગીનો લાભ મળવાપાત્ર થશે ?

(A) 5%
(B) 10%
(C) 3%
(D) 7%

280. રાજ્ય સરકારની ખરદી નીતિ હેઠળ -

(1) સૌથી ઓછા ભાવ દર્શાવનાર L-1 એકમ અન્ય રાજ્યનું હોય તો રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર અતિ નાના (સૂક્ષ્મ), લઘુ, મધ્યમ અથવા મોટા ઔદ્યોગિક એકમોને ભાવ સરખામણી માટે વાટાઘાટો માટે બોલવવાના રહેશે.

(2) ભાવ મેળવણી માટે નેટ પ્રાઈસ ગણતરીમાં લેવાની રહેશે.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

281. રાજ્ય સરકારની ખરીદ નીતિ અંતર્ગત પરિશિષ્ટ-ગ માં રાજ્યના કુટીર ઉદ્યોગ માટે કેટલી આરક્ષિત ચીજ-વસ્તુઓનો સમાવેશ કરેલ છે ?

(A) 174
(B) 30
(C) 188
(D) 358

282. અંધજન માટેની સંસ્થાઓ દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય તેવી જ ચીજવસ્તુઓની ખરીદી રૂપિયા .......... ની મર્યાદામાં ભાવપત્રક મેળવ્યા સિવાય કરી શકાય છે.

(A) રૂપિયા ત્રણ લાખ
(B) રૂપિયા ચાર લાખ
(C) રૂપિયા બે લાખ
(D) રૂપિયા પાંચ લાખ

283. રાજ્યના અતિ નાના (સૂક્ષ્મ), કુટિર અને લઘુ ઔદ્યોગિક એકમોને આરક્ષિત ચીજવસ્તુઓની ખરીદીમાં સારી ગુણવત્તામાં અથવા હરીફાઈ ન થવાના કારણે મુશ્કેલી જણાય તો ખરીદકર્તા કચેરીએ આરક્ષણમાંથી મુક્તિ માટે કોની પૂર્વમંજૂરી મેળવવાની હોય છે ?

(A) ઉદ્યોગ અને ખાણ વિભાગની
(B) નાણા વિભાગની
(C) ખાતાકીય ખરીદ સમિતિની
(D) સચિવશ્રીઓની ખરીદ સમિતીની

284. સી.એસ.પી.ઓ.ના ભાવ કરાર હેઠળ ખાતાના વડાની કચેરીઓ અંદાજપત્રની જોગવાઈઓને આધિન કેટલી રકમ સુધીની સીધી ખરીદી કરી શકે છે ?

(A) રૂપિયા એક લાખથી વધુ અને એક કરોડ સુધીની
(B) રૂપિયા એક લાખથી વધુ અને બે કરોડ સુધીની
(C) રૂપિયા એક લાખથી વધુ અને ત્રણ કરોડ સુધીની
(D) રૂપિયા એક લાખથી વધુ અને ચાર કરોડ સુધીની

285. બજેટની જોગવાઈ અને નાણાંકીય સત્તા સોંપણીની મર્યાદામાં વિના ટેન્ડરે નીચેની કઈ સંખ્યા પાસેથી ભાવ કરાર મુજબ ખરીદી કરી શકાય છે ?

(A) ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ
(B) ગુજરાત ઇન્ફોરમેટીક લિમિટેડ
(C) ગુજરાત સરકારનું સી.એસ.પી.ઓ.
(D) ઉપરની બધી જ સંસ્થાઓ

286. કઈ ખરીદ સમિતિમાં સભ્ય સચિવ તરીકે અધિક ઉદ્યોગ કમિશ્નર (સરકારી ખરીદી), ઉદ્યોગ કમિશ્નરની કચેરી, હોય છે ?

(A) સેક્રેટરી પરચેજ કમિટી (SPC)
(B) સેક્રેટરીએટ ડિપાર્ટમેન્ટલ પરચેજ કમિટી (SDPC)
(C) ડિપાર્ટમેન્ટલ પરચેજ કમિટી (DPC)
(D) આવી કોઈ જોગવાઈ થયેલ નથી.

287. તત્કાલ (ઈમરજન્સી) ખરીદીમાં ટેન્ડર પ્રસિદ્ધિનો સમયગાળો ઓછામાં ઓછો કેટલા દિવસનો હોવો જોઈએ ?

(A) પાંચ
(B) સાત
(C) પંદર
(D) એકવીસ

288. ચિરંજીવી યોજનામાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસૂતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવકવેરો ન ભરતી હોય તેવા .......... કુટુંબોની પ્રસૂતા બહેનોને લાભ મળવાપાત્ર થાય છે.

(A) અનુસૂચિત જાતિના
(B) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત
(C) અનુસૂચિત જનજાતિના
(D) ઉપરના બધા જ વર્ગોના

289. ભારત સરકાર દ્વારા માન્ય સેન્ટર ખાતે મેજર રીકન્ટ્રક્ટીવ સર્જરી કરાવનાર રક્તપિત્તગ્રસ્તોને કેટલા રૂપિયા ચૂકવવામાં આવે છે ?

(A) રૂપિયા પાંચ હજાર
(B) રૂપિયા આઠ હજાર
(C) રૂપિયા દસ હજાર
(D) રૂપિયા ચાર હજાર

290. "દિકરી યોજના"નો લાભ ક્યાંથી મેળવી શકાય છે ?

(A) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાંથી
(B) જે જગ્યાએ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલ છે તે કેન્દ્રમાંથી
(C) જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરીમાંથી
(D) (A), (B), (C) માં દર્શાવેલ કચેરીઓ પૈકી કોઈપણ કચેરીમાંથી

291. નીચેના વિધાનો તપાસી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાની પૂરી પાડવામાં આવે છે.

(2) કુટુંબ દીઠ 2.5 વ્યક્તિ માટે એક મચ્છરદાની પૂરી પાડવામાં આવે છે.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

292. જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત તમામ સગર્ભા માતાને પ્રસૂતિ બાદ ......... દિવસ સુધી અને નવજાત શિશુને ......... સુધી સરકારી સંસ્થાઓમાં નિઃશૂલ્ક આરોગ્ય સારવાર આપવામાં આવે છે.

(A) 30 દિવસ, છ માસ
(B) 42 દિવસ, છ માસ
(C) 42 દિવસ, 1 વર્ષ
(D) 45 દિવસ, 1 વર્ષ

293. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ ઇન્દ્રધનુષ અભિયાન અંતર્ગત કેટલા પ્રકારના જીવલેણ રોગ સામે બાળકોને રસી આપવામાં આવેલ છે ?

(A) છ
(B) આઠ
(C) દસ
(D) બાર

294. આયુષ અભિયાનની સેવાઓના ખર્ચ માટે હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ તથા જમ્મુ અને કાશ્મિર રાજ્યો માટે કેન્દ્ર સરકારનો ફાળો .......... % અને રાજ્યનો ફાળો % ની જોગવાઈ કરવામાં આવેલ છે.

(A) 75%, 25%
(B) 80%, 20%
(C) 90%, 10%
(D) 85%, 15%

295. રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમની શરૂઆત કયા વર્ષમાં થઈ હતી ?

(A) 2013
(B) 2014
(C) 2015
(D) 2012

296. નેશનલ પ્રોગ્રામ ફોર પ્રીવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ ફ્લુરોસીસ (NPPCF) ની શરૂઆત કઈ પંચવર્ષીય યોજના દરમ્યાન થઈ હતી ?

(A) દસમી
(B) નવમી
(C) અગિયારમી
(D) બારમી

297. પલ્સ પોલિયો ઇમ્યુનાઈઝેશન પ્રોગ્રામ અંતર્ગત કેટલી ઉંમર સુધીના બાળકોને પોલિયોનાં ટીપાં પીવડાવવામાં આવે છે ?

(A) 0 - 5 વર્ષ સુધીના
(B) 0 - 4 વર્ષ સુધીના
(C) 0 - 6 વર્ષ સુધીના
(D) 0 - 7 વર્ષ સુધીના

298. રાષ્ટ્રીય ગ્રામ સ્વાસ્થ્ય યોજના (National Rural Health Mission) નો પ્રારંભ ભારત સરકાર દ્વારા ક્યારે થયો હતો ?

(A) એપ્રિલ, 2006
(B) એપ્રિલ, 2005
(C) એપ્રિલ, 2013
(D) એપ્રિલ, 2014

299. નેશનલ પ્રોગ્રામ ઓફ હેલ્થ કેર ફોર ધી એલડરલી (NPHCE) હેઠળ કેટલા વર્ષની ઉંમર ધરાવતી વ્યક્તિને લાભ મળવાપાત્ર થાય છે ?

(A) 58 વર્ષથી ઉપરની વ્યક્તિને
(B) 62 વર્ષથી ઉપરની વ્યક્તિને
(C) 60 વર્ષથી ઉપરની વ્યક્તિને
(D) 65 વર્ષથી ઉપરની વ્યક્તિને

300. પ્રોજેક્ટ એરો (Project Arrow) કયા વિભાગ દ્વારા વહીવટમાં ગુણવત્તા અને કાર્યદક્ષતા વધારવા માટે અમલમાં મૂકવામાં આવેલ છે ?

(A) ડિપાર્ટમેન્ટલ ઓફ પોસ્ટ

(B) ડિપાર્ટમેન્ટલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી

(C) ડિપાર્ટમેન્ટલ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટીંગ

(D) ડિપાર્ટમેન્ટલ ઓફ હ્યુમન રિસોર્સીઝ ડેવલપમેન્ટ